Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૪ • તા. ૨૧ ઑગસ્ટ ૨૦૧૭ થી ૨૭ ઑગસ્ટ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી તેરા તીર્થે શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજીના સુકૃત્યે તીર્થની સંસ્થાઓ, મહાજન ટ્રસ્ટ અને પાંજરાપોળના નામકરણ વિધિ અને શેઠશ્રીનો સન્માન કાર્યક્રમ ૧૮ ઑગસ્ટ ૨૦૧૭




શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી
''શ્રી ક.દ.ઓ. જૈન વિવિધ લક્ષી સંકુલ'' તેરા



માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી અરજણ ખીમજી
''સાધર્મિક ભક્તિ ભવન''



શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી
''જીવદયા કેન્દ્ર''



શ્રીમતી ભારતીબેન હંસકુમાર ખીમજી
''અન્નપૂર્ણા ગૃહ''



શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી નું સન્માન



નામકરણ વિધિ સમારોહ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો

# શ્રી ભલારાદાદા - મુળ સ્થાનક ટ્રસ્ટ

પીર ફળીયા - સુથરી (કચ્છ), તા. અબડાસા, ગુજરાત - ૩૭૦ ૪૯૦. ટેલીફોન : ૦૨૮૩૧ ૨૮૪૨૨૬

શ્રી સચ્ચાઈ માતાય નમઃ



PAN NO. AATTS0483Q - Trust Reg. No. A2123KUTCH

ભક્ત પધારે આંગણ ને, પીરસે રોટલા ને ખીર
શરણ આવે દુભાતો કે દુખાતો, દાદા ખોબલે અર્પે ધીર,
અમી ભરેલી આંખડીને, નેણલે નિર્મલ નીર,
હાથ ભલાઈ ભાલો ઝળહુળે, એ ધોળી ધજાના ભડવીર,
મરદ મુછાળા પીર કરાવે "લહેર", એવા ભલારા-સુથરીના એ વીર.

શ્રી ભલારાદાદાય નમઃ



સુજ્ઞ ભાવિક ભક્તજનો,

તા. ૧-૫-૨૦૧૭ થી તા. ૫-૫-૨૦૧૭ આ પાંચ પવિત્ર દિવસ અનન્ય એવો મહોત્સવ ઉજવ્યો આપણા ઓસવાલ કુળની કુળ-દેવી શ્રી સચ્ચાઈ માતાજી તથા સદાયે સહાય કરતા એવા શ્રી ભલારા દાદા પ્રાણ-પ્રતિષ્ઠિત થયેલ મુર્તીઓ તેના મુળ-સ્થાનકે અને ભવ્ય એવા દેવ વિમાન તુલ્ય સંપૂર્ણ સંગેમરમર મંદીરમાં પ્રસ્થાપીત થઈ.

આ સ્થાન એટલે જ્યાં ભલારા દાદાએ જન્મ લીધો બાળપણ વિતાવ્યો અને ભકિત સહ સેવાનો માર્ગ અપનાવ્યો

સંગેમરમરના આ ભવ્ય મંદીરમાં શ્રી સચ્ચાઈ માતાજી, શ્રી ભલારાદાદા, શ્રી ગણેશજી તથા શ્રી ક્ષેત્રપાલ દેવ સહ બિરાજમાન થયેલ છે. સોનામાં સુગંધ ભળે એવી વિશિષ્ટતા રૂપે માતાજીની અખંડ જયોત ઓશીયાજીથી લાવી અહીં સ્થાપિત કરેલ છે. ભાવિકોની સગવડ રૂપ આ કાર્યથી તેઓને ઓસીયાજી કે ગુંદાલા સુધી જવાની જરૂરત ન પડે. આપશ્રીને જયારે પણ કચ્છ જવાનું થાય ત્યારે અચુક દર્શન પહેડી પ્રસાદનો લાભ લેવા અમે સહર્ષ આમંત્રણ આપીએ છીએ. સુથરી પધારનાર ભાવિકોને શ્રી ધૃતકલ્લોલ દાદાના દર્શન-પૂજાનો અનેરો લાભ મળશે જ. શ્રી સુથરી તીર્થમાં રહેવાની જમવાની વ્યવસ્થા છે જ, તે ઉપરાંત આપશ્રી ની ઈચ્છા અનુસાર શ્રી સચ્ચાઈ માઁ અને ભલારાદાદાની પહેડી પ્રસાદ કરવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાયેલ છે. માત્ર અગાઉથી દેરાસરજીની પેઢીમાં જાણ કરવાની વિનંતી છે. આપશ્રીની વિના વિલંબે સેવા કરવાની અમને તક મળશે.

કુલ્લ ૩૨ ગોત્રની આ કુળદેવીને શ્રી કચ્છી દશા ઓસવાલના ઘણા જ ગોત્રના ભાવિકો અત્રે જુહાર-મુંડન વિધિ-છેડા-છેડીના જુહાર જેવા પ્રસંગો ઉજવી શકશે સાથે શ્રી ક્ષેત્રપાલ દેવ તથા ભલારાદાદાની મહેર થશે જ. આ બધા કાર્યો અને સુપ્રસંગો આપણા પરંપરાગત રિવાજો મુજબ કરવા શ્રી સુથરી તીર્થમાં બધી જ સગવડો ઉપલબ્ધ છે. આપશ્રીને જેનો અવશ્ય લાભ લેવા અમે સહર્ષ ફરીથી આમંત્રણ મોકલીએ છીએ.

શ્રી ભલારાદાદા, સચ્ચાઈમાઁ, ક્ષેત્રપાલદેવ અને શ્રી ગણેશજી સહના પુજન -અર્ચન સહ ભવ્ય મંદિરમાં વિધિ-વિધાન સહ પ્રવેશ અને તે અનુરૂપ મહોત્સવ ખુબ જ આનંદ અને ઠાઠ-માઠથી ઉજવાયો. આ સર્વે પ્રસંગો દાતા-પરિવાર તથા વિવિધ ઉછામણી કે ચડાવા દ્વારા સંપન્ન થયો. હજી પણ ઘણા ભાવિકોની વિનંતીઓ અને ઈચ્છાઓને માન આપવા ટ્રસ્ટ મંડળે રંગ-મંડપને નામ આપવાની શરતે કુપન દ્વારા લકકી ડ્રો કરી રંગમંડપમાં નામ અંકીત કરવા પ્રસ્તાવ રાખેલ છે. એક કુપન ૧૧૦૦૦/- નો બહાર પાડવામાં આવેલ છે. આ યોજના હેઠળ અમારી સમક્ષ સારા એવા નામો આવી ગયેલ છે. અમારા પ્રતિનિધિ દ્વારા તમારી પાસે યોજના બાબત જણાવાશે. આપશ્રીને આ યોજનાનો લાભ અવશ્ય લેવા આમંત્રિત કરીએ છીએ. અમારા પ્રતિનિધીઓના નામ અને કોન્ટેકટ નંબર જ્ઞાતિના મુખપત્રકમાં જાહેર કરેલ છે.

ભાવિકોની શ્રદ્ધા જ અમારી ઉપલબ્ધિ છે.

તા.ક. : દાન કુપન લેનાર પરિવાર તરફથી એક દિવસની કાયમી મિતી પ્રમાણે પહેડી પ્રસાદ શ્રી ભલારાદાદાને ધરાવવામાં આવશે.

Mumbai Add.: C-1004, Station Plaza, Bhandup (W), Mumbai - 400 078. Tel.: 2566 7484 / 2566 7489

Bank Detail : Shree Bhalara Dada Mulsthanak Trust, ICICI Bank Ltd.,
A/c No. 001003000007 NEFT Code : ICIC00ARIHT

એજ લી. આપના ભવદીય શ્રી ભલારાદાદા - મુળ સ્થાનક કમીટી

શ્રી ભલારાદાદાના ભુવાશ્રી ભરત ભવાનજી લોડાયા - 09820750408

| | | |
|---|---|---|
| કુલીન પદમશી પીર 9820570999 | મહેશ લક્ષ્મીચંદ લોડાયા 9869612369 | અજીત માલશી લોડાયા 9869731912 |
| મહેન્દ્ર પદમશી પીર 9930500030 | કિર્તી પદમશી લોડાયા 9833152695 | કુંવરજી હરશી લોડાયા 9820252955 |
| મયુર ખીમજી પીર 9821054521 | રમેશ હીરજી લોડાયા 9892003940 | ખુશાલ વીશનજી છેડા 8097679006 |
| | વીરચંદ નરશી પીર 9594600900 | |

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 34/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# સમયનું મૂલ્યાંકન કરીએ....



ભગવાન મહાવીરનો આ શાશ્વત સ્વર છે : 'સમય ગોયમ્, મા પમાય એ.' હે ગૌતમ ! ક્ષણભર માટે પણ પ્રમાદ ના કર. ગૌતમ સ્વામીને ઉદ્‌બોધીને નીકળેલો આ સ્વર આજે પણ એટલો જ મૂલ્યવાન છે, પ્રાસંગિક છે, જેટલો અઢી હજાર વર્ષ પહેલાં હતો. આ શાશ્વત સ્વર ભૂતકાળમાં પણ મહત્ત્વનો હતો, વર્તમાનમાં પણ મહત્ત્વનો રહ્યો છે, અને ભવિષ્યમાં પણ મહત્ત્વનો બની રહેશે. આ અમર સ્વરને સમજવા માટે પશ્ચિમી વિચારક જ્યોર્જ હોરેસ-લો યુર્નરની એક ઘટનાને સમજવી જરૂરી છે. એણે એ વસ્તુઓની એક યાદી બનાવી, જે પૈસાથી નથી ખરીદી શકાતી. બે પ્રકારની વસ્તુઓ હોય છે : એક તે વસ્તુઓ, જે ધન દ્વારા ઉપલબ્ધ થઈ જાય છે અને બીજી વસ્તુઓ તે છે જે ધન દ્વારા પ્રાપ્ત નથી થતી. એણે જે યાદી બનાવી તે અંતિમ નથી, એને વધારી પણ શકાય છે, એનું નવીનીકરણ પણ કરી શકાય છે. એ યાદીમાં કેટલીક વાતો અત્યંત મહત્ત્વપૂર્ણ છે : (૧) સાચી મિત્રતા ક્યારેય દગો નથી હોતો, તે ધનથી ઉપલબ્ધ નથી થતી. સાચી મિત્રતા ક્યારેય પૈસાથી ખરીદી શકાતી નથી તે મિત્રતા કે જેમાં હૃદયની પવિત્રતા છે, એનું કોઈ મૂલ્ય આંકી નથી શકાતું. (૨) પવિત્ર અંતઃકરણ ક્યારેય પૈસાથી નથી ખરીદી શકાતું. (૩) પ્રસન્નતા ધનથી પ્રાપ્ત નથી થતી. (૪) મનની શાંતિને પૈસા દ્વારા પ્રાપ્ત કરી શકાતી નથી.

આ યાદીના આધારે ત્રણ શબ્દ રચાઈ ગયા : મૂલ્ય, અમૂલ્ય અને મૂલ્યાતીત. એક તે વસ્તુ છે, જેનું મૂલ્ય હોય છે. જ્યાં પૈસાનો સંબંધ જોડાયો, મૂલ્યની સ્થાપના થઈ ગઈ. કોઈ એક વસ્તુનું મૂલ્ય એક પૈસો પણ કોઈ શકે છે, હજાર રૂપિયા પણ હોઇ શકે છે, પરંતુ પૈસાથી મળનારી કોઈપણ વસ્તુ અમૂલ્ય નથી હોતી. જેનું કોઈ મૂલ્ય નથી, તે વિનામૂલ્ય છે. દુનિયામાં એવી ઘણી વસ્તુઓ છે, જેનું કોઈ મૂલ્ય નથી હોતું. ઘણી બધી વસ્તુઓ નકામી માનવામાં આવે છે, તુચ્છ માનવામાં આવે છે, મૂલ્યહીન માનવામાં આવે છે. એવી વસ્તુઓનું કોઈ મહત્ત્વ નથી હોતું, એનો કોઈ સંગ્રહ નથી કરતું, તેને પગ નીચે કચડી નાખવામાં આવે છે. કેટલીક વસ્તુઓ એવી હોય છે, જે મૂલ્યાતીત હોય છે. અમૂલ્ય તે છે જ્યાં તમામ મૂલ્યોનું અતિક્રમણ થઈ જાય છે. તમામ સમાપ્ત થઈ જાય છે. મૂલ્યાતીત સ્થિતિ તે છે, જ્યાં તમામ મૂલ્ય નીચે રહી જાય છે. સઘળા માપદંડ દરિદ્ર બની જાય છે. તમામ કસોટીઓ, તમામ તોલમાપ નકામાં બની જાય છે. મૂલ્યાતીત સ્થિતિને માપનારાં કોઈ માપક નથી હોતાં, તોલનારાં કોઈ ત્રાજવાં નથી હોતાં, કસોટી કરનારા કોઈ કસોટી પથ્થર નથી હોતા.

મહાવીર હંમેશા વિજયમય જીવન જીવ્યા. તેઓ ક્યારેય પરાજિત ના થયા. ભગવાન મહાવીરને ભયંકર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. અનેક ભીષણ ઉપસર્ગ અને પરિષહ આવ્યા, પરંતુ તે ક્યારેય વિચલિત ન થયા. કષ્ટ આપનારા સ્વયં પરાજિત થઈ ગયા. ભ. મહાવીરના જીવનમાં એક ક્ષણ પણ એવી ના આવી જ્યારે એમને પરાજયનું મો જોવું પડ્યું હોય. જેણે જીવનમાં અસફળ થવું છે, પરાજિત થવું છે, હારનું જીવન જીવવું છે એના માટે સૌથી સુંદર સૂત્ર છે-પ્રમાદ, પ્રમાદ અને પ્રમાદ. આળસમય જીવન જીવનાર વ્યક્તિને પરાજય મેળવવા માટે ક્યાંય જવું નથી પડતું. આળસ એક પ્રમાદ છે. નકામા બેસી રહેવું, હસીમજાક કરવી, નશામાં રહેવું-આ બધા જ પ્રમાદ છે. મહાવીર સ્વામી એના પ્રત્યે ખૂબ જ જાગૃત હતા. એમણે કહ્યું, ક્ષણભર પણ પ્રમાદ ના કરો, નિરંતર જાગૃત રહો. વ્યવહાર જગતમાં પણ જાગૃતતાનું ઘણું મહત્ત્વ છે.

જાગરૂકતાની અખંડ જ્યોતિ નિરંતર પ્રગટી રહે, ક્યારેય બુઝાય નહિ. દરેક વ્યક્તિ સદ્‌ગતિમાં જવા ઇચ્છે છે. કોઈપણ વ્યક્તિ મનુષ્ય બન્યા પછી એનાથી નિમ્ન જાતિને પ્રાપ્ત કરવા નથી ઇચ્છતી. તે ઊર્ધ્વારોહણ ઇચ્છે છે, ઉન્નતિ ઇચ્છે છે. આપણે સૌએ સારી ગતિમાં જવું છે, તો તે આયુષ્યબંધ નિર્ભર છે. દરેક સ્થિતિમાં નિરંતર જાગરૂકતા જ એના સુખદ ભવિષ્યનું આશ્વાસન બને છે, આધાર બને છે.

**– મહેશ પી. મહેતા, 'જન્મભૂમિ'માંથી સાભાર**

## જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે. તેની સૌએ નોંધ લેવી.

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## જૈન ધર્મ વિશે પ્રસિદ્ધ હસ્તીઓ કહે છે...

મનુષ્યોના વિકાસ માટે જૈનધર્મનું સ્વરૂપ ઘણું જ લાભકારી છે, આ ધર્મ ખૂબ જ અસલી, સ્વંતત્ર, સાદો, બહુ મૂલ્યવાન છે.

**– ડૉ. એ. ગિરનાટ** (પેરીસ) (ફ્રેન્ચ કેળવણીકાર)

જૈનધર્મનો પ્રારંભ ક્યારથી થયો તે શોધી કાઢવું લગભગ અસંભવિત છે. ભારતના ધર્મોમાં જૈન ધર્મ સૌથી પ્રાચીન છે.

**– જી.જે.આર ફરલાંગ** (અમેરિકન તત્ત્વ ચિંતક)

ભારતવર્ષના પ્રાચીન ઈતિહાસમાં જૈનધર્મે પોતાનું અસ્તિત્વ અનેક ઉથલપાથલ વચ્ચે પણ ટકાવી રાખ્યું છે.

**– કર્નલ જેમ્સ ટોડ** (પ્રસિદ્ધ ઈતિહાસકાર)

જૈનધર્મના સિદ્ધાંત મને ખૂબ જ પ્રિય છે, મારી ઈચ્છા છે કે મૃત્યુ બાદ બીજો જન્મ હું જૈન કૂળમાં પ્રાપ્ત કરું !

**– જ્યોર્જ બર્નાર્ડ શૉ** (નોબલ પ્રાઈઝ વિજેતા સાહિત્યકાર)

જૈનધર્મ અદ્વિતીય ધર્મ છે કે જે પ્રાણીમાત્રની રક્ષા કરવા માટે પ્રેરણા આપે છે. દયાભાવ મેં કોઈપણ ધર્મમાં જોયો નથી.

**– ઓર્ડીકાર્જેરી** (અમેરિકન વિદૂષી)

જૈન ધર્મનો મેં અભ્યાસ કર્યો છે. અહિંસા અને અનેકાન્તવાદ જૈન ધર્મે વિશ્વને આપેલી અનમોલ ભેટ છે.

**– એ.પી.જે અબ્દુલ કલામ** (ભૂ.પૂ. રાષ્ટ્રપતિ)

અહિંસા તત્ત્વના સૌથી મહાન પ્રચારક મહાવીર સ્વામી જ હતા. મારા જીવનમાં અહિંસાની પ્રેરણા મેં બુધ્ધ અને મહાવીરના ચરિત્રોમાંથી મેળવી છે.

**– ગાંધીજી**

ભગવાન મહાવીરે બતાવેલા માર્ગ પર ચાલવાથી આપણે સહિષ્ણુ સમાજની રચના કરી શકીશું બીજા કોઈ ધર્મે અહિંસાની આટલી સુક્ષ્મતા નથી બતાવી. જૈનધર્મ પોતાના અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વધર્મ થવા માટે સંપૂર્ણ યોગ્ય છે.

**– ડૉ. રાજેન્દ્રપ્રસાદ**

જો કોઈ વિરોધી સજ્જન જૈન સાહિત્યનો અભ્યાસ અને મનન સૂક્ષ્મપણે કરે તો તેમનો વિરોધ સમાપ્ત થઈ જશે.

**– ડૉ. ગંગાનાથ ઝા.**

જૈન ધર્મ જેટલું ત્યાગનું મહત્ત્વ અન્ય ક્યાંય જોવા નહિ મળે. શાંતિ, સહિષ્ણુતા, અહિંસા અને જીવદયાની ભાવના જૈન ધર્મને ભારતીય સંસ્કૃતિમાં ટોચ પર મૂકે છે.

**– શ્રી શ્રી રવિશંકર**

હું શાકાહારી છૂં. ધૂમ્રપાન નથી કરતો અને શરાબ નથી લેતો. મને જૈન ધર્મના અહિંસા અને શાકાહારના સિદ્ધાંતો ખૂબ જ અપીલ કરે છે.

**– અમિતાભ બચ્ચન**

## શ્રમણ ભગવાન મહાવીરનાં વિવિધ નામોને તમે જાણો છો ?

આ અવસર્પિણી કાળના આપણા ૨૪મા તીર્થંકર શ્રી ભગવાન મહાવીરસ્વામીને અનેક નામોથી સંબોધવામાં આવ્યા છે. આપણાં ધર્મશાસ્ત્રોમાં તેમનાં વિવિધ નામોની રસપ્રદ વાતો આવે છે. એ માહિતી વાચકો માટે પ્રસ્તુત છે.

**૧. વર્ધમાન** : આચારાંગ, શ્રુતસ્કંધ-૨, કલ્પસૂત્ર, આવશ્યક નિર્યુક્તિની મલયગિરિ ટીકા વગેરે શાસ્ત્રોમાં આ નામના ઉલ્લેખો મળે છે. ભગવાન મહાવીરનાં માતા-પિતાએ ભગવાનનો જન્મોત્સવ ઊજવવા માટે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો અને સંબંધીઓ તેમ જ જ્ઞાતવંશના ક્ષત્રિયોને નિમંત્રણ આપ્યું અને તે સૌને શાનદાર ભોજન જમાડી દરેકને મૂલ્યવાન ઉપહાર આપ્યા. એ પછી ભગવાનનાં માતા-પિતાએ સૌને સંબોધીને કહ્યું : હે દેવાનુપ્રિયો ! આ અમારો પુત્ર જ્યારથી ગર્ભમાં આવ્યો છે ત્યારથી અમારે ત્યાં સોનું, રૂપું, ધન, ધાન્ય, માણિક આદિ સારભૂત ધનની વૃદ્ધિ થઈ છે તેમ જ અમારા કુળના અરસપરસ પ્રેમ અને આદર વધ્યા છે. આથી અમે એ સમયે વિચારીને નક્કી કર્યું હતું કે જે દિવસે પુત્રનો જન્મ જશે ત્યારે અમે તેનું ગુણાનુસાર નામ વર્ધમાન રાખીશું. આથી કુમારનું નામ વર્ધમાન રાખવામાં આવે છે.

**૨. શ્રમણ ભગવાન મહાવીર** : ઠાણાંગ સૂત્ર, રાયપસણી સૂત્ર, ઠાણાંગની અભયદેવસૂરિની ટીકા વગેરે શાસ્ત્રોમાં આ નામનો ઉલ્લેખ આવે છે. તપશ્ચર્યા કરવામાં જે શ્રમ કરે છે તેને શ્રમણ કહે છે. સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન આ છ વાત જેના જીવનમાં છે તેને ભગવાન કહેવામાં આવે છે. જે મોક્ષ પામે છે અને બીજાને મોક્ષ મેળવવા પ્રેરણા કરે છે અથવા રાગ-દ્વેષાદિ શત્રુઓને જીતવા જે સફળ પરાક્રમ કરે છે તે વીર છે. વિશેષરૂપથી જે કર્મનો ક્ષય કરે છે અને સિદ્ધત્વને પ્રાપ્ત કરે છે તે વીર છે. વીરની અપેક્ષાએ વીર મહાન મહાવીર છે. આમ વર્ધમાનનું નામ શ્રમણ ભગવાન મહાવીર વિશેષ પ્રચલિત થયું.

**૩. તીર્થંકર વર્ધમાન** : 'સમવયાંગ સૂત્ર'માં દર્શાવ્યા પ્રમાણે જંબુદ્વીપના ભરતક્ષેત્રના આ અવસર્પિણી કાળના ૨૪મા તીર્થંકર શ્રી વર્ધમાન હતા.

**૪. અણગાર** : આચારાંગ શ્રુત-૧, ઉત્તરાધ્યયન વગેરે શાસ્ત્રોમાં આ નામના ઉલ્લેખો મળે છે. ભગવાન મહાવીરે દેવદુસ્ય વસ્ત્રનો એક વસ્ત્રથી થોડાક વધુ સમય પછી ત્યાગ કર્યો અને વસ્ત્રરહિત અણગાર બન્યા.

**૫. અરિહંત મહર્ષિ** : 'સૂયડાંગ સૂત્ર'માં આ નામનો ઉલ્લેખ મળે છે. અરિહંત મહર્ષિ એટલે કે ભગવાન મહાવીર ક્રોધ, માન, માયા, લોભ આ દોષોનો ત્યાગ કરીને ન પોતે પાપ કરતા હતા, ન બીજા પાસે કરાવતા હતા.

**૬. કાશ્યપ** : આચારાંગ સૂત્ર-૧, સૂયડાંગ સૂત્ર-૧, ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક સૂત્ર વગેરે શાસ્ત્રોમાં આ નામનો ઉલ્લેખ વારંવાર આવે છે. અનેકોને નમસ્કારયોગ્ય, ધર્મમાં સાવધાન, તમામ પદાર્થો પ્રત્યેની મમતાને દૂર કરી સરોવરના જળની જેમ નિર્મળ રહેનારા કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીરે ધર્મની પ્રરૂપણા કરી.

**૭. કેવળી મહર્ષિ** : સૂયડાંગ સૂત્ર-૧, ઉત્તરાધ્યયન સૂત્ર વગેરેમાં આ નામનો ઉલ્લેખ મળે છે. શ્રી સુધર્માસ્વામીએ જંબુસ્વામીને કહ્યું કે અગાઉ મેં કેવળજ્ઞાની મહર્ષિ ભગવાન મહાવીરને પૂછ્યું હતું કે નરકમાં કેવી પીડા ભોગવવી પડે છે ?

**૮. જ્ઞાની** : આચારાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્રમાં આ નામનો ઉલ્લેખ આવે છે. તમામ ભાવોને જાણકાર જ્ઞાની ભગવાન મહાવીરે બે પ્રકારનાં કર્મોને જાણીને અનુપમ સંયમરૂપ ક્રિયાનું પ્રતિપાદન કર્યું હતું.

**૯. જ્ઞાતકુલચંદ** : કલ્પસૂત્રમાં એવો ઉલ્લેખ પણ છે કે જ્ઞાતકુલમાં ચંદ્રસમાન ભગવાન મહાવીર છે.

**૧૦. જ્ઞાતકુલનંદન** : પ્રશ્ન વ્યાકરણ, શ્રુત-૧માં એવો ઉલ્લેખ છે કે જ્ઞાતકુલનંદન જિનેશ્વર, મહાન આત્મા ભગવાન મહાવીરે અસત્ય બોલવાનાં આ કડવાં પરિણામો કહ્યાં છે.

**૧૧. જ્ઞાતપુત્ર** : સૂયડાંગ સૂત્ર -૧, આચારાંગ સૂત્ર-૧, ઉત્તરાધ્યયન વગેરે શાસ્ત્રોમાં આ નામનો વારંવાર ઉલ્લેખ આવે છે. જ્ઞાતપુત્ર જિનોત્તમ મહાવીરે કહ્યું છે કે ઊંચ-નીચ ગતિઓમાં ભમતા અન્ય તીર્થી (મિથ્યા સિદ્ધાંતનો પ્રચાર કરનાર) અનંતવાર જન્મ કરશે.

**૧૨. જ્ઞાતમુનિ** : પ્રશ્ન વ્યાકરણ શ્રુત-૨માં એવો ઉલ્લેખ આવે છે કે જ્ઞાતકુલોત્પન્ન મુનિ ભગવંત મહાવીરે પ્રરૂપણી કરી છે કે આ અહિંસા ધર્મસિદ્ધ છે, પ્રસિદ્ધ છે. આ ભગવાન દ્વારા પ્રરૂપિત છે, ઉપદેશિત છે.

**૧૩. મતિમાન** : સૂયડાંગ સૂત્રમાં જણાવ્યા મુજબ જેનાથી ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ સહિત ત્રણેય લોકને જાણી શકાય છે એને મતિ કહે છે. એ કેવળજ્ઞાનરૂપ છે. આવું જ્ઞાન જેને ઉત્પન્ન થયું હતું એવા મતિમાન ભગવાન મહાવીર હતા.

**૧૪. માહણ** : આચારાંગ સૂત્ર-૧, સૂયડાંગ સૂત્ર-૧, ઉત્તરાધ્યયન સૂત્ર વગેરેમાં ઉલ્લેખો મળે છે. મતિમાન નિદાનરહિત 'માહણ' ભગવાન મહાવીરે અનેક પ્રકારે ચરણરૂપ વિધિનું આચરણ કર્યું હતું.

**૧૫. મુનિ** : આચારાંગ સૂત્ર-૧, સૂયડાંગ સૂત્ર-૧, ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉલ્લેખો આવે છે કે મુનિ ભગવાન મહાવીરે સાધનાકાળમાં પોતાના શરીરને ક્યારેય ખણ્યું નહોતું.

**૧૬. મેધાવી** : આચારાંગ સૂત્ર-૧ અને ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉલ્લેખો છે કે તમામ ભાવોને જાણનાર મેધાવી ભગવાન મહાવીરે બે પ્રકારના કર્મોને જાણીને અનુપમ સંયમરૂપ ક્રિયાનું પ્રતિપાદન કર્યું હતું.

**૧૭. દેવાર્ય** : આવશ્યનિર્યુક્તિ-મલયગિરિ ટીકામાં જણાવ્યા પ્રમાણે ભગવાન મહાવીર કુપિયાગ્રામ પધાર્યા. તેમને

જોઇને ગ્રામજનોએ કહ્યું, 'અહો! દેવાર્ય! આપ યુવાન છો, રૂપવાન છો. આપે આવું અપ્રતિમ ચારિત્ર કેમ લીધું છે?''

**૧૮. દેવાનુપ્રિય :** ભગવતી સૂત્ર અને ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉલ્લેખો આવે છે કે ગૌતમસ્વામીએ પૂછ્યું : હે ભગવંત! એ દેવાનંદા બ્રાહ્મણીનાં સ્તનોમાં દૂધ કેમ ઊછળી આવ્યું? અને આપ દેવાનુપ્રિયની તરફ તે અનિમેષ નજરે જોતી કેમ ઊભી છે ?

**– ચીમનલાલ કલાધર,** 'મિડ-ડે' માંથી સાભાર

---

## Shri Virji Ladhabhai K.D.O. Vidyarthi Gruh

Dear Students, You are among the fortunate few who have at your disposal world class hostel facilities at Shri Virji Ladhabhai K.D.O. Vidyarthi Gruh and Seth Bhavanji Arjan Khimji Education complex. Our community is indebted to the donors for their magnanimous grants. We feel proud that we have lionhearted "Gnatijans" who want to ensure a better future for our younger generation thru better education.

You should endeavor to do your best towards sparkling success in your studies. You have to compete with thousands of other students to procure admission in various professional courses which alone can ensure a bright career for you. Here is wishing you plenty of hard work and consequent success in your career. Your success will be the right tribute to the hopes and encouragement which is provided to you by our "Dildaar Daataas"

**- Dharmendra R. Nagda**

## જીવદયા

આ વર્ષે વરસાદે ગુજરાત, રાજસ્થાન તથા અન્ય રાજ્યોમાં વિનાશ વેર્યો છે. સરકારે પોતાના પ્રયત્નોથી લોકાના જાન બચાવ્યા અને યોગ્ય સ્થળે ખસેડ્યા. સેંકડાએ જાન ગુમાવ્યા. અસંખ્ય લોકો એ ઘરબાર અને ખેતી ગુમાવી છે. તથા મોટા પાયે પશુધન નાશ પામ્યું છે.

હવે સરકાર, ઘણી NGO તેમજ સમાજના સેવા ભાવી કાર્યકરો તેમને થાળે પાડવા, તેઓ પોતાને ઘેર આવી શકે, રોજીંદું, જીવન જીવી શકે તે માટે કાર્ય કરશે.

જૈન સમાજ હંમેશ આવી કુદરતી આપદાઓમાં સહાય આપવામાં અગ્રેસર રહ્યો છે. આ વખતે પણ જરૂરી જીવદયાનું કાર્ય થશે. પર્યુષણ પર્વ આવી ગયું છે. પર્વમાં આપણે જીવદયાના ફંડ ઉભા કરીએ છીએ. આ વર્ષે દેવદ્રવ્ય ઓછું ઉભું કરીને જીવદયામાં વધારેમાં વધારે ફાળો નોંધાવે. દરેક ગામના મહાજને ફાળો ભેગો કરી. કેન્દ્રીય જૈન સંસ્થાઓના ઉપક્રમે ગુજરાત/રાજસ્થાનમાં રાહતના કામમાં જોડાવું જોઇએ. જ્ઞાતિના અગ્રેસરો પહેલ કરીને આ સામાજીક ચેતનાના કાર્યમાં સહભાગી થશે એવી અપેક્ષા છે. સૌ વધુમાં વધુ ફાળો પોતાના ગામની સંસ્થાઓમાં નોંધાવે અને અસહાય માનવી એવં પશુઓની દુઆ પામે. કેન્દ્રીય સંસ્થાઓ આગળ આવીને જૈન સમાજને મદદ માટે અપીલ કરે. જીવદયામાં ફાળો નોંધાવો અને પર્વ પર્યુષણની સાર્થકતામાં વધારો કરો.




**– રમેશ મોતા**

---

## કચ્છ તેરામાં તેજસ્વી ભૂતપૂર્વ વિદ્યાર્થીનું અભિવાદન

માસ્ટર ઓફ એન્જીરીયરીંગ (મશીન ડીઝાઇન)ની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબર મેળવનાર માંડવી જૈન નૂતન પ્રા. શાળા નં. ૩ના ભૂતપૂર્વ વિદ્યાર્થી કુણાલ તિલકભાઈ ડાઘાનું શાળા નં. ૩ દ્વારા જાહેરમાં અભિવાદન કરાયું હતું.




**જૈન ઢોલી રાજુ ઢોલી એવન ઢોલી**

**સર્વેને રાજુ ઢોલીનાં મિચ્છામી દુક્કડમ્**

**રાજુ ઢોલી** જય જિનેન્દ્ર **ઘર - 25662750**
**09833004496** **મો. - 9892581010**

**રાજુ ઢોલી**

**રાજેન્દ્ર પીતાંબર ડાઘા** (વરાડીયાવાલા)

ઢોલ-શરણાઈ માટે તથા દાંડીયા રાસ લગ્ન-સામૈયું, લગ્ન ગીત - નવરાત્રી તથા ગરબા - સાંજી - ભાવના પહેડી તથા પ્રાર્થના માટે સંપર્ક :

**ક.દ.ઓ. જૈન જ્ઞાતિનાં ઢોલી - રાજુ ઢોલી**






## HEARTY CONGRATULATION



**નિશ્ચય સી. શાહ**

**ચી. નિશ્ચય,** દેવ ગુરૂની કૃપાથી અને વડીલોના આશીર્વાદથી, **B.E. (Comp Sc)** ક્ષેત્રે **8.63 CGPA** મેળવી Masters (Specialization in Artificial Intelligence) કરવા હવે NEU, Bostan, USA તરફ પ્રયાણ કરશે. ભવિષ્યમાં વધુ ઉચ્ચ લક્ષ્યો સિધ્ધ કરે એવા અમારા અંતરના આશિષ...

દાદાણા : **હિરાબેન જયચંદ શાહ** (નલીયા-માટુંગા)
નાનાણા : **ગોદાવરીબેન દેવીદાસ પટેલ**
માતા-પિતા : **રાજશ્રી ચેતન શાહ (નાગડા)** (થાણા)

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઇ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪ • ઈમેલ : anantnathderasar@gmail.com

વતી સમગ્ર જ્ઞાતિજનોને

# મિચ્છામિ દુક્કડમ્

# MICHHAMI DUKKADAM

સવંત્સરીનો રૂડો અવસર આવ્યો આંગણિયે
ભૂતકાળને ભૂલી જઈ સૌ હળીએ ને ભળીએ,
પ્રતિક્રમણનો પળો થકી ગઈ મીઠા મનભાવન,
માનવતા મહેકાવી કરીએ સંબંધો પાવન,
તીર્થંકરોને સ્મરીને થઈએ હવે તો ચંદનસમ,
મિચ્છામિ દુક્કડમ સહુને મિચ્છામિ દુક્કડમ...



લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

| | | |
|---|---|---|
| કલ્પેશ માણેકજી મોતા<br>(રાપર ગઢવારી)<br>પ્રમુખ | હીરાલાલ હંસરાજ ડાઘા<br>(વરાડીયા)<br>ઉપપ્રમુખ | લેરીન વર્ધમાન ખોના<br>(સુજાપર)<br>ઉપપ્રમુખ |
| રમેશ હીરજી લોડાયા<br>(સુથરી/મંજલ)<br>માનદ્ મંત્રી | ચેતનકુમાર ખીમજી મોમાયા<br>(જખૌ)<br>માનદ્મંત્રી | અતુલ ડુંગરશી ધરમશી<br>(સુથરી)<br>ખજાનચી |

SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST · WE CARE · OUR MISSION IS YOUR HEALTH

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા સંચાલિત**

**શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ**

| | | |
|---|---|---|
| હીરાલાલ હંસરાજ ડાઘા<br>(વરાડીયા)<br>મેનેજીંગ ટ્રસ્ટી | જીવરાજ ગોવિંદજી લોડાયા<br>(મોટી ખાવડી)<br>માનદ્મંત્રી | અમિત શાંતિલાલ મોમાયા<br>(વરાડીયા)<br>ખજાનચી |

KDO GRUHA UDHYOG

**માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ**

| | | |
|---|---|---|
| લેરીન વર્ધમાન ખોના<br>(સુજાપર)<br>મેનેજીંગ ટ્રસ્ટી | અજીત માલશી લોડાયા<br>(તેરા)<br>માનદ્મંત્રી | હિતેશ ભોજરાજ નાગડા<br>(રાપર ગઢવારી)<br>ખજાનચી |

સર્વે કારોબારી સભ્યો તથા કર્મચારીગણ

પધારો !      પધારો !!      પધારો !!!

**ARIHANT BANK**

**SHRI ARIHANT CO-OP. BANK LTD.**

ESTD. 1984

H.O.: GB 10A & 10B, Karma Stambh, Opp. Kailash Commercial Complex, L.B.S. Marg, Vikhroli (W), Mumbai - 400 083. Phone: 2579 9326 / 96198 46622 Fax: 2579 9323 E-mail: acblho@arihantbank.com

આપ સૌ માનવંતા શેરધારકો, ગ્રાહકો, વેપારી મિત્રો તથા હિતેચ્છુઓના સાથ અને સહકારથી આપણી બેંક

## બોરીવલી ખાતે દસમી શાખાનું ઉદ્દઘાટન

**ATM અને લૉકર ની સુવિધા સાથે**

**શનિવાર, તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૭ બપોરના ૩.૦૦** કલાકે રાખેલ છે.

જેમાં આપ સૌને પધારવા ભાવભર્યું આમંત્રણ આપીએ છીએ.



**સ્થળ : શૉપ નં. એ/૧, શ્રેયાંસ કેશર બાગ કો.ઑપ. હૌ. સોસાયટી,**

**એલ. ટી. રોડ, બાભઈ નાકા, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૯૨.**

**મો.: 9082560850**



| **શ્રી હીરાચંદ દંડ** | **શ્રી મુકેશ મૈશેરી** | **શ્રી હંસકુમાર છેડા** | **શ્રી કિરણ પટેલ** | **શ્રી પ્રવિણ ગાલા** |
|---|---|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | બ્રાંચ ડાયરેક્ટર | સીઈઓ | બ્રાંચ મેનેજર |


Estd 1984

# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.

**Head Office :** GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex, L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.
**H.O. Tel.:** 2579 9326 • **Fax :** 2579 9323 • **E-mail :** acblho@arihantbank.com

## ૩૪મી વાર્ષિક સર્વસાધારણ સભાની નોટીસ (સૂચના)

**આથી સૂચિત કરવામાં આવે છે કે શ્રી અરિહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સભ્યોની ૩૪મી સર્વસાધારણ સભા શનિવાર, તા. ૯મી સપ્ટેમ્બર ૨૦૧૭ના સવારના ૧૦.૦૦ વાગ્યે વિષ્ણુદાસ ભાવે ઑડીટોરીયમ, સેક્ટર ૯, વાશી બસ ડેપોની સામે, શિવાજી ચોક, વાશી, નવી મુંબઈ–૪૦૦ ૭૦૩ ખાતે યોજાશે.**

**સર્વે સક્રિય સભ્યોને આ સભામાં ઉપસ્થિત રહેવા વિનંતિ કરવામાં આવે છે.**

સભ્યોને વિનંતિ કરવામાં આવે છે કે તેમણે ૩૪મો વાર્ષિક અહેવાલ બેંકની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી લેવો કે પછી બેંકની કોઈ પણ શાખા કે હેડ ઓફિસ થી છપાયેલ અહેવાલ તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૭ થી મેળવી શકાશે.

**કિરણ પટેલ**

(ચીફ એકઝીક્યુટીવ ઓફિસર)

# ભક્ત ત્રિમૂર્તિ : આનંદઘનજી, યશોવિજયજી અને દેવચંદ્રજી

આનંદઘનજી, યશોવિજયજી અને દેવચંદ્રજી એ ત્રણે પરમાત્મદર્શનનો સાક્ષાત્કાર પામેલા ભક્તશિરોમણિ મહાત્માઓ થઈ ગયા, તે તેમના પરમ ભાવોલ્લાસમય અનુભવોદ્‌ગાર પરથી સ્વયં સુપ્રતીત થાય છે. 'વિમલ જિન દિઠા લોયણ આજ,' 'દીઠી હે પ્રભુ! દીઠી જગગુરુ તુજ', 'દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો રે' એ વચનો તેની સાક્ષી પૂરે છે. આ વિરલ વિભૂતિરૂપ મહાગીતાર્થ મહાત્માઓ વીતરાગદર્શનની અપૂર્વ પ્રભાવના કરનારા મહાજ્યોતિર્ધરો થઈ ગયા. આ ભક્ત ત્રિભૂર્તિએ અદ્‌ભુત ભક્તિરસનો અને ઉત્તમ અધ્યાત્મયોગનો પ્રવાહ વહાવી જગત પર પરમ ઉપકાર કર્યો છે. મતદર્શન-આગ્રહથી પર એવા આ વિશ્વગ્રાહી વિશાલ દૃષ્ટિવાળા મહાપ્રતિભાસંપન્ન તત્ત્વદ્રષ્ટાઓ કોઈ એક સંપ્રદાયના જ નહિ, પણ સમસ્ત જગતના છે.

લગભગ ત્રણસો વર્ષ પૂર્વે થઈ ગયેલા આનંદઘનજી અને યશોવિજયજી બન્ને સમકાલીન હતા. આનંદઘનજી જેવા સંતનો દર્શન-સમાગમ એ યશોવિજયજીના જીવનની એક ક્રાંતિકારી વિશિષ્ટ ઘટના છે. તે વખતનો સમાજ એવા પરમ અવધૂત જ્ઞાન-દશાવાળા, આત્માનંદમાં મગ્ન રહેનારા, આત્મારામી અત્પુરુષને ઓળખી ન શક્યો ને આ 'લાભાનંદજી' (આનંદઘનજી) નો યથેચ્છ લાભ ઉઠાવી ન શક્યો. પણ શ્રી દેવચંદ્રજીએ કહ્યું છે તેમ 'તેહ જ એહનો જાણંગ ભોક્તા, જે તુમ સમ ગુણસયજી!' અર્થાત્ તેવો જ તેવાને ઓળખે, સાચો ઝવેરી જ ઝવેરાત પારખી શકે, તેમ 'તે સમયે પણ શ્રી યશોવિજયજી જેવા વિરલા રત્ન પરીક્ષક જ શ્રી આનંદઘનજી જેવા મહાપુરુષરત્નને તેમના યથાર્થ સ્વરૂપે ઓળખી શક્યા. આ પરમ અવધૂત, ભાવનિગ્રંથ આનંદઘનજીના દર્શનસમાગમથી શ્રી યશોવિજયજીને ઘણો ઘણો આત્મલાભ ને અપૂર્વ આત્માનંદ થયો. આ પરમ ઉપકારની સ્મૃતિમાં શ્રી યશોવિજયજીએ મહાગીતાર્થ આનંદઘનજીની સ્તુતિરૂપે અષ્ટપદી રચી છે. તેમાં તેમણે પરમ આત્મોલ્લાસથી મસ્ત દશામાં વિહરતા આનંદઘનજીની મુક્ત કંઠે ભારોભાર પ્રશંસા કરતાં ગાયું છે કે 'પારસમણિ સમા આનંદઘનજીના સમાગમથી લોહ જેવો હું યશોવિજય સુવર્ણ બન્યો!' કેવી ભવ્ય ભાવાંજલિ!

હવે અત્રે આ ઉપરથી એક વિચારણીય રસપ્રદ પ્રસંગ ઉપસ્થિત થાય છે કે આવો ન્યાયનો એક ધુરંધર આચાર્ય, ષડ્‌દર્શનનો સમર્થ વેત્તા, સકલ આગમરહસ્યનો જ્ઞાતા, વિદ્વદ્‌શિરોમણિ યશોવિજયજી ઉપાધ્યાયજી જેવો પુરુષ, આ અનુભવયોગી આનંદઘનજીના પ્રથમ દર્શન-સમાગમે જાણે મંત્રમુગ્ધ થયો હોય એમ આનંદતરગિણીમાં ઝીલે છે, અને તે યોગીશ્વરની અદ્‌ભુત આત્માનંદમય વીતરાગદશા દેખીને આનંદાશ્ચર્ય અનુભવે છે! અને પોતાની સમસ્ત વિદ્વત્તાનું સર્વ અભિમાન એક સપાટે ફગાવી દઈ, બાળક જેવી નિર્દોષ પરમ સરલાતા કહે છે કે લોઢા જેવો હું આ પારસમણિના સ્પર્શથી સોનું બન્યો ! અહો કેવી નિર્માનિતા ! કેવી સરલતા ! કેવી નિર્દભતા ! કેવી ગુણગ્રાહિતા ! આને બદલે બીજો કોઈ હોત તો તેને અભિમાન આડું આવી ઊભું રહેત. પણ યશોવિજયજી ઑર પુરુષ હતા, એટલે આનંદઘનજીનો દિવ્ય ધ્વનિ એમના આત્માએ સાંભળ્યો ને તે સંતનાં ચરણે ઢળી પડ્યો; અને આ પરમાર્થગુરુ આનંદઘનજીના સમાગમ પછી એમનો અંતરપ્રવાહ અધ્યાત્મયોગને ભક્તિવિષયના પંથે વિશેષે કરીને મુખ્યપણે ઢળ્યો હશે, એમ આ ઉપરથી સ્વાભાવિક અનુમાન થાય છે. અને તેમના પછી થોડાં વર્ષે થયેલા તત્ત્વરંગી મહામુનિ દેવચંદ્રજી પણ આ પોતાના પુરોગામી બન્ને ભક્તરાજોની જેમ ભક્તિઅમૃતરસમાં કેવા સોળે કળાએ ખીલ્યા છે ને અધ્યાત્મતરંગિણીમાં કેવા અપૂર્વ ભાવથી ઝીલ્યા છે, એ એમની સુધાવર્ષિણી સ્તવનાવલી પરથી સહજ સમજાય છે.

આ ભક્ત ત્રિમૂર્તિમાં પ્રત્યેકની શૈલી કંઈ ને કંઈ વિશિષ્ટતાવાળી છે. શ્રી આનંદઘનજીનાં સ્તવનોમાં સહજ સ્વયંભૂ અધ્યાત્મપ્રધાન ભક્તિરસ પ્રવહે છે; અને તેની શૈલી સરલ, સાદી ને સંસ્કારી તેમજ અર્થગૌરવવંતી ને આશયગંભીર છે. શ્રીમાન દેવચંદ્રજીનાં સ્તવનોમાં ઉત્તમ તાત્ત્વિક ભક્તિની પ્રધાનતા છે; દ્રવ્યાનુયોગની મુખ્યતાથી પ્રભુનું શુદ્ધ તત્ત્વસ્વરૂપ વિસ્તારથી વર્ણવી, ને તેની ભક્તિના કાર્યકારણભાવની તલસ્પર્શી સૂક્ષ્મ મીમાંસા કરી, પ્રભુના


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

ગુણાતિશયથી ઊપજતી પરમ પ્રીતિમય અદ્ભુત ભક્તિ અત્રે મુખ્યપણે ગાવામાં આવી છે અને તેની શૈલી પ્રથમ દર્શને કંઈક કઠિન, અર્થઘન ને પ્રૌઢ છતાં ઊંડા ભક્તિરસપ્રવાહવાળી પ્રતીત થાય છે. શ્રી યશોવિજયજીની સ્તવનાવલીમાં પ્રેમલક્ષણા ભક્તિ મુખ્યપણે વર્ણવી હોઈ, તે પરમ પ્રેમરસપ્રવાહથી છલકાતી છે; ને તેની શૈલી આબાલ-વૃદ્ધ સમજી શકે એવી અત્યંત સરલ, સાવ સાદી ને સુપ્રસન્ન છે. આ પરમ ભક્ત ત્રિમૂર્તિની કૃતિની સામાન્ય તુલના માટે એક સ્થુળ દૃષ્ટાંત યોજીએ તો શ્રી આનંદઘનજીની કવિતા સાકરના ઘન જેવી છે ને તેમાં સર્વત્ર અમૃત અમી મીઠાશ ભરી છે. શ્રી દેવચંદ્રજીની કવિતા શેરડીના ટુકડા જેવી છે, એટલે તેમાં મીઠાશ તો સર્વ પ્રદેશે ભરેલી જ છે, પણ તેમાં ચાવવાની મહેનત કરવી પડે તેમ છે, તો જ તેની અમૃત સમી મીઠાશની ખબર પડે. શ્રી યશોવિજયજીની કવિતા શેરડીના તાજા રસ જેવી છે, અને તેનું યથેચ્છ મધુર અમૃતપાન સહુ કોઈ તત્કાળ સુગમતાથી કરી શકે છે.

આમ, આ માધુર્યમૂર્તિ ભક્ત ત્રિમૂર્તિના પરમ ભક્તિભાવનિર્ભર ને ચૈતન્યરસની છોળો ઉછાળતાં સ્તવનો આત્માનુભવના પરમ પરિપાકરૂપ હોઈ, ગાતાં કે સાંભળતાં, કોઈ અદ્ભુત આહ્લાદ આપે છે, ને મનનો થાક ઉતારી નાંખી પરમ ચિત્તપ્રસન્નતા અર્પે છે. આ ભક્ત ત્રિમૂર્તિનાં વચનામૃતોમાં એવાં તો અદ્ભુત માધુર્ય, પ્રસાદ, ઓજસ્ ને ધ્વનિ ભર્યાં છે, એવું તો ઉચ્ચ ચૈતન્યવંતું કવિત્વ ભર્યું છે, કે તેનો રસાસ્વાદ લેતાં આત્મા પૂરેપૂરો જાણે તૃપ્ત થતો નથી. જાગતી જ્યોત જેવી આ ભક્ત ત્રિમૂર્તિ ભક્તિરસની એવી અપૂર્વ જાહ્નવી વહાવી ગયેલ છે, કે જે કોઈ ભાગ્યવંત જન તેમાં નિમજ્જન કરે છે, તે પાવન પરમ આત્માનંદ લૂંટે છે.

**નમું આનંદોના ઘન વરષિ આનંદઘનને**
**નમું દેવચંદ્રા અમૃતઝરણા જ્ઞાનઘનને; -**
**યશઃશ્રીના સ્વામી શ્રુતનિધિ યશોવિજય નમું,**
**ત્રિમૂર્તિ ગીતાર્થે ગીત અમૃત ભક્તિરસ રમું.**


**''પાલવ'' : હવે નવા રંગ રૂપમાં**

• પ્રાચીન હસ્તકલા હવે ફેશન ડિઝાઈનીંગના આધુનિક સ્પર્શ સાથે • ડિઝાઈનર દુપટ્ટામાં વિવિધ વેરાઈટી - ગજી બાંધણી, અજરક બાંધણી - બનારસી બાંધણી - પેંઠણી સીલ્ક દુપટ્ટા • ડિઝાઇનર ફેબરીકની ભાગીગળ દુનિયા - અજરક પ્રિન્ટ - ડાબુ પ્રિન્ટ- સાંગાનેરી પ્રિન્ટ - પોચમપલ્લી ઈક્ત સીલ્ક • બાંધણીના ડ્રેસ મટિરીયલ્સ • પેંઠણીના ડ્રેસ મટિરીયલ્સ • બનારસી બાંધણી • મીક્સ એન્ડ મેચ ડ્રેસ મટિરીયલ્સ • તમારા સપનાને સાકાર કરવા ડિઝાઈનર ડ્રેસ • બ્લાઉસ • હેન્ડવર્ક - મશીન વર્કની લેટેસ્ટ સુવિધા • તમારી નન્ની પરીઓ માટે પણ સ્ટીચીંગ સુવિધા

**પાલવ :** શૉપ નં. ૧, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુંડ (વે).
ફોન : ૨૫૬૧૬૮૪૨ / ૨૫૯૦૬૨૬૭ **રવિવારે વિશ્રામ**


આ ભક્ત ત્રિમૂર્તિએ આદર્શ સમાજસુધારક અને પ્રખર ધર્મઉદ્ધારક તરીકે અનન્ય શાસનદાજ દાખવી છે. એ ખાસ નોંધવા જેવું છે કે તેમનો સુધારો આધુનિકોની જેમ યદ્વાતદ્વા સ્વચ્છંદાનુયાયી નથી, પણ નિર્મલ શાસ્ત્રમાર્ગાનુયાયી ને શુદ્ધ આદર્શવાદી છે. ભગવાને પ્રણિત કરેલા મૂળ આદર્શ વીતરાગમાર્ગથી સમાજને ભ્રષ્ટ થયેલો દેખી, ગૃહસ્થોને તેમજ સાધુઓને તેથી વિપરીતપણે- વિમુખપણે વર્તતા નિહાળી, ક્ષુદ્ર નિર્માલ્ય મતમતાંતરોથી અખંડ સમાજને ખંડખંડ છિન્નભિન્ન થયેલો ભાળી, આ ભાવિતાત્મા મહાત્માઓનું ભાવનાશીલ સાચી અંતરદાઝવાળું હૃદય અત્યંત દ્રવીભુત થયું હતું, કકળી ઊઠ્યું હતું. એટલે જ તે સમાજનો સડો દૂર કરવાના એકાંત નિર્મલ ઉદ્દેશથી તેઓએ ઠેરઠેર પોકાર પાડ્યો છે. ''પુરુષ પરંપર અનુભવ જોવતાં, અંધોઅંધ પલાય... પંથડો નિહાળું રે બીજા જિન તણો રે'' ઈત્યાદિ આનંદઘનજીનાં વેધક વચનો તેમની સાચી શાસનદાઝના સહજ ઉદ્ગાર છે. 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા રે, ભાવ ધર્મ રુચિ હિન; ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન?... ચંદ્રાનન જિન! સાંભળિયે અરદાસ' ઈત્યાદિ શ્રી દેવચંદ્રજીનાં વચનો તેમનું તીવ્ર ખેદમય આંતરસંવેદન દાખવે છે. અને શ્રીમાન યશોવિજયજીએ તો ભગવાન સીમંધર સ્વામી પાસે સાડી ત્રણસો અને સવાસો ગાથાના સ્તવનાદિના બહાને કરુણ પોકાર પાડ્યો છે કે 'આ જિનશાસનની શી દશા?' અને એમ કરી નિષ્કારણ કરુણાથી સુષુપ્ત સમાજને કેટલીક વાર સખ્ત શબ્દપ્રહારના 'ચાબખા' મારી ઢંઢોળ્યો છે, ને તેની અંધશ્રદ્ધા ઉડાડી જાગ્રત કર્યો છે; તથા ગૃહસ્થનો ને સાધુનો ઉચિત આદર્શ ધર્મ સ્પષ્ટપણે સર્વત્ર શાસ્ત્રાધારપૂર્વક મીઠાશથી રજૂ કરી, સમાજને ઘેરી વળેલા કુગુરુઓ ને કુસાધુઓની નીડરપણે સખ્ત ઝાટકણી કાઢી છે, જેમ કે,

**'આર્ય થોડા અનારજ જનથી, જૈન આર્યમાં થોડા;**
**તેમાં પણ પરિણત જન થોડા, બાકી મુંડા બ્હોળા...**
**રે જિનજી ! વિનતડી અવધારો !**
**જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુ શિષ્યે પરવરિયો;**
**તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચય દરિયો...**
**રે જિનજી! વિનતડી અવધારો !**
**નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;**
**લુંચે કેશ ન મુંચે માયા; તે ન રહે વ્રત પંચે.'**

ઈત્યાદી પ્રકારે કુસાધુઓની સખ્ત ઝાટકણી કાઢી, નિર્મલ મુનિપણાના આદર્શની ત્યાં સુપ્રતિષ્ઠા કરી, પોતાની શાસન પ્રત્યેની સાચી અંતરદાઝ વેધક શબ્દોમાં વ્યક્ત કરી છે.

આ ભક્ત ત્રિમૂર્તિનું આગમ અને અનુમાન-ન્યાય

વિષયનું જ્ઞાન અગાધ હતું. આનંદઘનજીના એકેક વચન પાછળ આગમોના તલસ્પર્શી જ્ઞાનનું ને અનન્ય તત્ત્વચિંતનનું સમર્થ પીઠબળ દેખાઈ આવે છે. શ્રી દેવચંદ્રજીનું આગમજ્ઞાન પણ તેવું જ અદ્ભુત હતું, તે તેમના 'આગમસાર' આદિ ગ્રંથ પરથી દેખાઈ આવે છે; તેમજ ન્યાય વિષયની તેમની તીક્ષ્ણ પર્યાલોચના પ્રભુભક્તિમાં તેમણે કરેલી અદ્ભુત પારમાર્થિક નયઘટના આદિ પરથી જણાઈ આવે છે. અને સર્વ શાસ્ત્રપારંગત ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી તો ન્યાયના ખાસ નિષ્ણાંત તજ્જ્ઞ (Specialist) હતા, એટલે ન્યાયને એમણે યથા-યોગ્ય ન્યાય આપ્યો હોય એ સમુચિત જ છે. તેઓશ્રીએ ખોટી બડાઈથી નહિ પણ પૂરેપૂરા આત્મવિશ્વાસથી પોતાને માટે એક સ્થળે દાવો કર્યો છે કે 'વાણી વાચક જશ તણી, કાંઈ નયે ન અધૂરી રે.' એ અક્ષરે અક્ષર પ્રત્યક્ષ સત્ય છે, તેની પ્રતીતિ આપણને તેમના ન્યાયસંબંધી -દર્શનવિષયક ગ્રંથો પરથી થાય છે.

અધ્યાત્મ-યોગ વિષયમાં પણ આ ભક્ત ત્રિમૂર્તિએ અસાધારણ અદ્ભુત પ્રગતિ સાધી હતી. યોગીરાજ આનંદઘનજી તો અધ્યાત્મમાર્ગનાં એક્કા અને અતિ ઉચ્ચ દશાને પામેલા જ્ઞાની પુરુષ હતા, તે તેમનાં સ્તવનો અને પદોમાં દેખાઈ આવતી અનુભવની ઝલક પરથી દેખાઈ આવે છે. મોટાં મોટાં વ્યાખ્યાન દ્વારા ધ્રુજાવનારા વાચસ્પતિઓનાં વ્યાખ્યાનોથી અનંતગણો બોધ ને આનંદ શ્રીમાન્ આનંદઘનજીની એકાદ સીધી, સાદી, સચોટ ને સ્વયંભૂ વચનપંક્તિથી ઊપજે છે. એ જ એમનું એકેક અનુભવવચન હજારો ગ્રંથો કરતાં કેવું બળવાન છે તે બતાવી આપે છે. અને આ પરમાર્થગુરુ આનંદઘનજીના પગલે અધ્યાત્મયોગ વિષયમાં ઘણા આગળ વધેલા શ્રી યશોવિજયજીએ પણ તેમની ઉત્તમ પ્રસાદી આપણને 'અધ્યાત્મસાર', 'અધ્યાત્મ ઉપનિષદ્', 'બત્રીશ બત્રીશી', 'યોગદૃષ્ટિ સજ્ઝાય' આદિ એમના ચિરંજીવ કીર્તિસ્થંભ સમા અનેક મહાગ્રંથો દ્વારા આપી છે. પાતંજલ આદિ યોગ સાથે મૈત્રીભર્યો સમન્વય સાધતાં આ અધ્યાત્મવિષયક ગ્રંથરત્નો એ અધ્યાત્મ વિષયમાં છેલ્લામાં છેલ્લો શબ્દ છે, most up-to-date છે, અધ્યાત્મસંબંધી સર્વ વિષયોનો તે જાણે મહાકોષ - ખજાનો છે. અધ્યાત્મપરિણત મહાયોગી દેવચંદ્રજી પણ કેવા અંતરાત્મપરિણામી હતા, તે તેમની સ્તવનાવલીમાં પ્રહવતી સહજ સુપ્રસન્ન અધ્યાત્મધારા પરથી, અને 'અધ્યાત્મગીતા-દ્રવ્યપ્રકાશ' આદિ તેમનાં કીર્તિકલશ સમાં ગ્રંથરત્નોથી સુપ્રતીત થાય છે.

આમ, યોગદૃષ્ટિરૂપ દિવ્ય નયનથી પરમાર્થમય જિનમાર્ગનું દર્શન કરી આ દિવ્ય દ્રષ્ટાઓએ પોતાના સંગીતમય દિવ્ય ધ્વનિથી આ દિવ્ય જિનમાર્ગનું આપણને દર્શન કરાવ્યું છે. આ દિવ્ય ધ્વનિ એટલી બધી અમૃતમાધુરીથી ભરેલો છે કે તેનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. શાંત સુધારસ-જલનિધિ એવો આ દિવ્ય નાદ અખૂટ રસવાળો અક્ષયનિધિ છે. આ ભક્ત ત્રિમૂર્તિનો દિવ્ય ધ્વનિ હજુ તેવો ને તેવો તાજો સકર્ણ જનો સાંભળે છે, અને નિરવધિ કાળ પર્યંત સાંભળશે!

**વહાવી છે જેણે સરસ સરિતા ભક્તિરસની,**
**વહાવી છે ધારા અમૃતમય આત્માનુભવની;**
**જગાવી છે જોગાનલ તણી ધૂણી જાગતી જગે,**
**ત્રિમૂર્તિ જોગીન્દ્રો પ્રણમું જસ જ્યોતિ ઝગઝગે.**

**- ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા**


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976


## કેન્સર રોગીઓ માટે રાહતની સરવાણી - શાંતી અવેદના સદન

કેન્સરગ્રસ્ત મનુષ્યો માટે ઇ.સ. ૧૯૮૨માં બાંદરામાં કેન્સર સર્જન એલ. જે. ડીસોઝા દ્વારા પ્રથમ 'હોસ્પીસ' નો પ્રારંભ કરવામાં આવ્યો. અહિં કેન્સરથી પીડાતા દર્દીઓની સંભાળ નાતજાતના ભેદભાવ વિના લેવામાં આવે છે. દવા, ભોજન, રહેવાનું, કપડાં તથા અન્ય જરૂરી વસ્તુઓ વિનામુલ્યે પુરી પાડવામાં આવે છે.

શાંતિ અવેદના ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ સ્થળે કેન્સરગ્રસ્તોને પીડામાં રાહત મળે તથા માનસિક શાંતિ મળે એ માટેના સર્વ શક્ય પ્રયત્નો કરવામાં આવે છે. અહિં સમયસર દાખલ થવાથી કેન્સરગ્રસ્ત દર્દીના જીવનમાં શાંતિપ્રદ મનસ્થિતિનું નિર્માણ કરવા સહાયરૂપ બને છે.

વધુ માહિતી માટે સંપર્ક સાધવા વિનંતી.
શ્રીમતી મૃદુલાબેન હિરાચંદ દંડ - 09821485443,
શ્રીમતી કલ્પનાબેન શૈલેષ શાહ - 09820298189.

**શાંતિ અવેદના સદન**
૨૧૬, માઉન્ટ મેરી રોડ, બાંદરા (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૦. ફોન : 2642 7464 / 2645 1702
કાર્યાલયનો સમય : સવારે ૮ થી સાંજે ૭
મુલાકાતનો સમય : સવારે ૧૧ થી ૧ અને સાંજે ૪ થી ૭
E-mail : shantiavedna@hotmail.com
Website : www.shantiavednasadan.org

॥ શ્રી અજિતનાથાય નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો, જય જિનેન્દ્ર !**

**''મિચ્છામી દુક્કડમ''**

સર્વે ગામવાસી ભાઈ-બહેનોને પર્યુષણ મહાપર્વની હાર્દિક શુભેચ્છા !

દર વર્ષની જેમ આ વર્ષે પણ પર્યુષણ પર્વ દલતુંગી ગામે ધામધુમથી ઉજવવાનું નક્કી કરેલ છે. સૌ ગામવાસી ભાઈઓ, નીયાણી-દીકરીઓને સહકુટુંબ પધારવા હાર્દિક વિનંતી છે. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે સર્વ સાધારણ ખાતે દરેકના રૂા. ૩૦૦૦/- લેખે અત્યાર સુધી ૪૩ નામો આપેલ છે. જેની યાદી નીચે મુજબ છે. સર્વે દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના.

૧. **શ્રી જયંતિલાલ કેશવજી માલદે** (ડોંબિવલી - મુંબઈ), ૨. **માતુશ્રી લક્ષ્મીબેન પાસુભાઈ લાપસીયા** (ગોરેગામ - મુંબઈ), ૩. **શ્રી ભાણજી ત્રિકમજી ડાઘા** (ડોંબિવલી - મુંબઈ), ૪. **માતુશ્રી રતનબેન શામજી માલદે** (મુંબઈ), ૫. **માતુશ્રી પુષ્પાબેન રજનીકાંત માલદે** (થાણા - મુંબઈ), ૬. **માતુશ્રી પુરબાઈ લખમશી લોડાયા** (મુંબઈ), ૭. **શ્રી ભાઈચંદ કેશવજી ડાઘા** (વડાલા - મુંબઈ), ૮. **શ્રીમતી વિમલાબેન રાયચંદ શિયાલ** (બોરીવલી - મુંબઈ), ૯. **માતુશ્રી જયવંતીબેન માણેકજી લધાભાઈ શિયાલ** (મુલુંડ - મુંબઈ), ૧૦. **માતુશ્રી પ્રેમીલાબેન જયંતિલાલ શિયાલ** (મુલુંડ - મુંબઈ), ૧૧. **સ્વ. શ્રી મુલચંદ દામજી માલદે** (મુંબઈ), ૧૨. **માતુશ્રી સોનબાઈ દામજી લખમશી માલદે** (મુંબઈ), ૧૩. **માતુશ્રી લક્ષ્મીબેન હીરજી માલદે** (મુંબઈ), ૧૪. **માતુશ્રી કાંતાબેન વેરશી લોડાયા હ. રીટા હિતેશ લોડાયા** (મુલુંડ - મુંબઈ), ૧૫. **શ્રી માણેકજી બાપા તથા ભાણજી મેગજી દેવજી લોડાયા હ. ઉર્મિલા નીરંજન લોડાયા**, ૧૬. **માતુશ્રી મણીબાઈ હીરજી માલદે, હ. હર્ષા પંકજ માલદે** (ડોંબિવલી - મુંબઈ), ૧૭. **માતુશ્રી લક્ષ્મીબેન કાંતિલાલ ધારશી શિયાલ, હ. હર્ષવર્ધન**, ૧૮. **માતુશ્રી જયાબેન પુનશી માલદે** (મુલુંડ - મુંબઈ), ૧૯. **માતુશ્રી વિરબાઈ મણશી ડાઘા**, ૨૦. **માતુશ્રી શાંતાબેન શાંતિલાલ શિયાલ** (ડોંબિવલી - મુંબઈ), ૨૧. **માતુશ્રી જયાબેન નરશી લાપસીયા** (મુલુંડ - મુંબઈ), ૨૨. **શ્રી નરશી ભાણજી લાપસીયા** (મુલુંડ - મુંબઈ), ૨૩. **માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા** (મુલુંડ - મુંબઈ), ૨૪. **શ્રી જેઠાલાલ રાયશી લાપસીયા** (મુલુંડ - મુંબઈ), ૨૫. **માતુશ્રી સોનબાઈ શામજી શિયાલ**, ૨૬. **સ્વ. શ્રી કીરીટ શામજી શિયાલ**, ૨૭. **માતુશ્રી મણીબેન ગોવિંદજી લાપસીયા**, ૨૮. **માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા** (ડોંબિવલી - મુંબઈ), ૨૯. **માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપસીયા** (મુલુંડ - મુંબઈ), ૩૦. **શ્રી ડુંગરશી શામજી લાપસીયા** (મુલુંડ - મુંબઈ), ૩૧. **માતુશ્રી નિર્મલાબેન ચાંપશી લાપસીયા** (ડોંબિવલી - મુંબઈ), ૩૨. **માતુશ્રી નવલબેન જેતશી શિયાલ** (ડોંબિવલી - મુંબઈ), ૩૩. **કુ. રેવા જતીન નરેન્દ્ર શિયાલ** (ડોંબિવલી - મુંબઈ), ૩૪. **માતુશ્રી લક્ષ્મીબેન શાંતિલાલ માલદે** (ડોંબિવલી - મુંબઈ), ૩૫. **માતુશ્રી માનબાઈ રાયશી દેવશી ધરમશી** (મુલુંડ - મુંબઈ), ૩૬. **શ્રી પુનશી દેવશી ધરમશી** (મુલુંડ - મુંબઈ), ૩૭. **શ્રી પ્રફુલ ચાંપશી શિયાલ** (ભાંડુપ - મુંબઈ), ૩૮. **માતુશ્રી નવલબેન વીશનજી દંડ** (વડાલા - મુંબઈ), ૩૯. **શ્રીમતી વીણાબેન પ્રવિણ દંડ** (અમેરિકા), ૪૦. **શ્રી નવીન ધનજી લોડાયા** (મસ્જિદબંદર - મુંબઈ), ૪૧. **ચી. અહાના રીષભ ભરત શિયાલ** (સાંતાક્રુઝ - મુંબઈ), ૪૨. **માતુશ્રી પ્રેમાબેન ભવાનજી લોડાયા** (ડોંબિવલી - મુંબઈ), ૪૩. **માતુશ્રી ઈંદુમતીબેન પાશ્વીર ડાઘા** (ડોંબિવલી - મુંબઈ)

**આ વર્ષે પર્યુષણ પર્વ આખા દિવસની સાધર્મિક ભક્તિના ૧૦ નામો દરેકના રૂા. ૧૧૦૦૦/- લેખે આપલે છે. જે નીચે મુજબ છે. સર્વે પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના. (શ્રાવણ વદ બારસને શુક્રવાર તા. ૧૮/૮/૨૦૧૭ થી ભાદરવા સુદ છઠને રવિવાર તા. ૨૭/૮/૨૦૧૭ સુધી)**

૧) **માતુશ્રી લક્ષ્મીબેન હિરજી લખમશી માલદે પરિવાર**, મુલુંડ (શ્રાવણ વદ બારસને શુક્રવાર તા. ૧૮/૮/૨૦૧૭), ૨) **માતુશ્રી નવલબેન વિશનજી હિરજી દંડ પરિવાર**, મુંબઈ-અમેરીકા (શ્રાવણ વદ તેરસને શનિવાર તા. ૧૯/૮/૨૦૧૭) ૩) **માતુશ્રી વિજયાબેન હિંમતલાલ શિયાલ પરિવાર**, જામનગર હસ્તે હિનાબેન હિરેન શિયાલ (શ્રાવણ વદ ચૌદસને રવિવાર તા. ૨૦/૮/૨૦૧૭), ૪) **માતુશ્રી લાખબાઈ લીલાધર ગાંગજી લાપસીયા પરિવાર**, નાંદેડ (શ્રાવણ વદ અમાસને સોમવાર તા. ૨૧/૮/૨૦૧૭), ૫) **માતુશ્રી તારાબેન વિરજી વિરપાર ડાઘા પરિવાર** હસ્તે હિનાબેન ગિરીશ ડાઘા, ડોંબિવલી, (ભાદરવા સુદ એકમને મંગળવાર તા. ૨૨/૮/૨૦૧૭) ૬) **માતુશ્રી હિરબાઈ શામજી ધારશી લાપસીયા પરિવાર** હસ્તે બંકીમચંદ્ર શામજી લાપસીયા, પુના (ભાદરવા સુદ બીજને બુધવાર તા. ૨૩/૮/૨૦૧૭) ૭) **માતુશ્રી નિર્મળાબેન ચાંપશી પદમશી લાપસીયા પરિવાર**, ડોંબિવલી (ભાદરવા સુદ ત્રીજને ગુરૂવાર તા. ૨૪/૮/૨૦૧૭) ૮) **શ્રી પ્રફુલભાઈ ચાંપશી શિયાલ પરિવાર**, ભાંડુપ (ભાદરવા સુદ ચોથને શુક્રવાર તા. ૨૫/૮/૨૦૧૭) ૯) **શ્રી પ્રવિણભાઈ રાયશી ધરમશી પરિવાર**, મુલુંડ-મુંબઈ (ભાદરવા સુદ પાચમને શનિવાર તા. ૨૬/૮/૨૦૧૭) ૧૦) **માતુશ્રી જયવંતીબેન માણેકજી લધાભાઈ શિયાલ પરિવાર**, મુલુંડ-મુંબઈ (ભાદરવા સુદ છઠને રવિવાર તા. ૨૭/૮/૨૦૧૭)

મહાજનવાડીનું કામ પુરજોશમાં ચાલુ છે બહારનું પ્લાસ્ટર પુરૂં થવાની તૈયારીમાં છે પછી ફલોરીંગ, બારી, દરવાજા, ફરનીચર વગેરેનું કામ ચાલુ કરીશું. આશા છે દિવાળીની આસપાસ તૈયાર થઈ જાશે. દેરાસરજીના પરિસરમાં સુંદર મજાનું ''સમોવસરણ''નું નિર્માણ થઈ રહેલ છે. સમોવસરણ ઉપર ડોમ તથા કલર થયે થી અતી સુંદર લાગે છે. સર્વે ગામવાસી ભાઈ-બહેનો વિનંતી જરૂરથી દર્શન-વંદનનો લાભ લેશોજી. તો ચાલો સૌ ધર્મની આરાધના કરવા દલતુંગી ગામે પધારી પર્યુષણ મહાપર્વની આરાધનામાં લીન થઈ પાવન થઈએ. આભાર.

**લી. શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી**
**શ્રી પ્રવિણ જેઠાલાલ લાપસીયા (પ્રમુખ) - 09821092767**
**તથા સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

# કોની એ અમાનત ?

- ડૉ. પ્રફુલ્લ દેસાઈ



પિયૂષની વાતથી મને નવાઈ લાગી.

સવારના પહોરમાં આવીને એણે કહ્યું હતું, 'ઉત્પલ, મારે આજે જ સ્ટેટ્સ જવું પડશે!'

હું કંઈ પૂછું, તે પહેલાં જ એ બોલી ગયો, 'જો કોઈ સવાલ મને કરતો નહીં, હું જે કહું તે બરાબર સાંભળી લે. હું પાછો આવું ત્યાં સુધી મારી આ અમાનત તારે સાચવવાની છે....' કહેતાં એણે એક નાનકડી બેગ મારી સામે મૂકી.

'આ શું છે? શાની સોંપણી કરે છે તું? ને ક્યાં....?'

'તું, યાર, સવાલ બહુ કરે છે! જો, મારે ઉતાવળ છે, હમણાં હું પ્લેનમાં મુંબઈ જાઉં છું ને રાતે સ્ટેટ્સ...'

'ને પેલીનું શું?'

'અહીં.... જયશ્રીની પરવાનગી તો મેં લઈ લીધી છે... એને વાંધો નથી.'

'વાંધો નથી? મૂરખી છે ને સાવ....'

એ હસી પડ્યો : 'આઈ નો, તું અકળાઈ જાય છે ત્યારે આમ જ.....'

'અકળાવાની વાત કરે છે? અરે, તું કહે તો હમણાં તમારાં ઘડિયાં લગન કરાવી દઉં! પછી તમારે જ્યાં જવું હોય ત્યાં જાવને! કોને પડી છે?'

'જાણું છું! જાણું છું! કામ ડાઉન.... લગન પણ થશે.....'

'પિયૂ.... મેરેજ ઈઝ એ સિરિયસ મેટર....'

'યસ... અફકોર્સ.... બટ સમ મેટર્સ આર મોર અરજન્ટ.....'

'યુ આર ઈમ્પોસિબલ.... પિયૂ!'

પિયૂષ પહેલેથી જ મનમોજી. મારે જ સાચવવો પડે હંમેશ. એને કેમ સમજાવું કે યાર, તારાં મેરેજની તારીખ નક્કી થઈ ગઈ છે, ઈન્વીટેશન કાર્ડ્ઝ છપાવાં ગયાં છે ને... દરવાજા પાસે પહોંચીને એ મારા તરફ ફર્યો.

'હાં.... મને ખબર છે... તું બેગ ખોલીને પણ નહીં જુએ... પણ તારી જાણ માટે કહી દઉં કે એમાં પૂરા દસ લાખ કેશ છે!'

'હેય... સાલા, તારો ઈરાદો મને ફસાવવાનો તો નથી ને?'

એ હસ્યો : 'રેસ્ટ એસ્યોર્ડ એ નકલી નોટો નથી. મારા પસીનાની કમાઈ છે.... આયમ સ્યોર... તું એને બરાબર સાચવશે!' એની વાત ખોટી તો હોય જ નહીં. ખોટા ધંધા એ કરે નહીં ને મને એમાં સંડોવે નહીં.... તો પછી?

'હું જાણું છું. તું એમાંથી એક પૈસો પણ તારે માટે વાપરશે નહીં... પણ જરૂર પડ્યે તું એમાંથી વાપરી શકે છે... હું હિસાબ નહીં માંગું!'

'પિયૂ.... શા માટે મજાક કરે છે?'

'નો... નો... આયમ સિરિયસ... હું જાઉં છું... ધેટ્સ ઓલ...' એ મારી સામે તાકી રહ્યો હતો. એની નજરના ભાવ મારાથી પકડાયા નહીં. અચાનક એ મારા તરફ ધસ્યોને મને ભેટી પડ્યો. એની આંખો ભીની હતી. હું જોઈ શકું - પૂછી શકું, તે પહેલાં તો એ ઉતાવળે ભાગ્યો. 'પિયૂ.... ?' હતાશાથી મેં બૂમ પાડી. હંમેશ એના પર ભારી હકૂમત ચાલતી. આજે ચાલી નહીં. હંમેશ એ મારી વાત સ્વીકારતો. આજે એણે મને ગણકાર્યો નહીં. એના પરનો મારો અધિકાર એ એક જ એવી બાબત હતી, જેનો મને ગર્વ હતો, બાકી તો એની અને મારી સરખામણી થાય તેવું કંઈ જ નહોતું. એ દેખાવડો હતો, વધારે ભણેલો હતો, અમીર હતો, દિલદાર હતો. ને હું? હા, એટલું ખરું કે મેં એની પાસેથી ક્યારેક કશું માંગ્યું

*ક્યાંક આપણે પણ હોઈશું, ક્યાંક આપણે પણ છીએ ને ?*
*ફૂલ અને ઝાકળની વચ્ચે, વીજ અને વાદળની વચ્ચે, માટી ને તરણાંની વચ્ચે,*
*પછી અને હમણાંની વચ્ચે, ક્યાંક આપણે પણ હોઈશું, ક્યાંક આપણે પણ છીએ ને ?*

નહોતું, કોઈ અપેક્ષા રાખી નહોતી, ઉલટું હું તો હંમેશા એને કંઈ ને કંઈ આપવામાં માનતો. મને જયશ્રીની યાદ આવી. એ બિચારી તો...

મારી નજર બેગ પર પડી. દરવાજો ખુલ્લો હતો ને બેગમાં.... મેં દરવાજા બહાર શેરીમાં નજર ફેરવી. કશું અસામાન્ય નહોતું. હા, પિયૂષની કાર તો ચાલી ગઈ હતી. મેં ઉતાવળે દરવાજો બંધ કર્યો. પણ બેગમાં ખરેખર.... પૈસા હશે ? પિયૂષ ખોટું તો ન બોલે. ખોલીને જોવા મેં બેગને હાથમાં લીધી પણ બારીઓ તો ખુલ્લી હતી. કોઈપણ બહારથી જોઈ શકે ! બાપ રે ! આને હું સાચવીશ કેવી રીતે ? બારી બંધ કરી દઉં ? પણ ધોળે દિવસે ? બેગ લઈ હું સડસડાટ ઉપર બેડરૂમમાં ગયો. ત્યાંની બારી બંધ કરી. ધ્રૂજતા હાથે બેગ ખોલી. પિયૂ સાચું જ કહેતો હતો. પણ દસ લાખ ? એક સામટી પંદર હજારથી વધુની નોટો મેં કદી જોઈ નહોતી. પગારની રકમ ગણતાં હાથ ધ્રૂજતા નહીં. એ મારા પસીનાની કમાઈના રહેતા ને ? પણ આ તો અધધધ..... પાછા પિયૂના પસીનાની કમાઈ ! શું કરું એનું ? ક્યાં મૂકું ?

ઘરમાં રાખી શકું નહીં. બેંકમાં મૂકી શકું નહીં.... નહીં તો આઈ.ટી.વાળા... પણ મારા લૉકરમાં ? હા, ત્યાં હું મૂકી શકું - મારી બાનાં ઘરેણાં સાથે.... ઓ પિયૂ.... આ પળોજણ મને ક્યાં વળગાડી ? તેં ? શું ઈન્કમટેક્ષની રેઈડ પડી હશે એની ઓફિસમાં ? લાવ, ફોન કરું... પણ ખરેખર એવી રેઈડ પડી હોય તો આઈ.ટી. વાળા તરત જ મારા ફોનનું પગેરું કાઢતાં મારે ઘરે આવી જાય.... ને.... હું પગથી માથા સુધી ધ્રૂજવા લાગ્યો. હું ઊભો થયો. જલદીથી લૉકરમાં આને મૂકી દેવી જોઈએ. હું ઝટપટ તૈયાર થયો. લૉકરની ચાવી લીધી. બેગમાંની બધી રકમ મારી ટ્રાવેલર્સ-બેગમાં મૂકી, ઉપર ટુવાલ દાબ્યો. ખભે ભેરવી, ઉતાવળે ઘર બંધ કરતાં શેરીમાં પાછી નજર ફેરવી અને સ્કૂટર પર સવાર થયો ને....

લૉકરમાં રકમ મૂકતાં મેં મારી બાના આશીર્વાદ માગ્યા. બહાર નીકળી મેં ઊંડો શ્વાસ લીધો અને મને જયશ્રી સાંભરી. ઑફિસે જવાનું માંડીવાળી મેં સ્કૂટર જયશ્રીના ઘર તરફ લીધું.

ઘરમાં દાખલ થયાં જોયું તો જયશ્રી ઑફિસ જવા તૈયાર થતી હતી. મને જોઈ નવાઈથી બોલી,

‘તું ? ઑફિસ નથી ગયો ?’

મને હતું કે એને છાની રાખવા મારે કેટકેટલા વાનાં કરવા પડશે.

‘તને ખબર છે, પેલો સ્ટેટ્સ જવા.... ?’

‘પિયૂષ ને ? હા, મને કહીને તો ગયો છે!’

જયશ્રીની મમ્મી પાણી લઈને આવી, ‘આવ્યો, ભાઈ ! હવે તમે બન્ને....’

‘મમ્મી.... ?’ જયશ્રી એકદમ એવી રીતે બોલી કે જાણે તે મમ્મીને ચૂપ કરવા માંગતી હોય !

‘પણ તેં એને જવા કેમ દીધો ? પંદર દિવસમાં તો તમારાં મેરેજ છે ને.... ’

‘શાંત થા. શાંત થા, ઉત્પલ.... બધું તને કહીશ.... પણ અત્યારે તો ઑફિસ....’

‘પણ તેં તો રજા લીધી હતી ને ?’

‘ના... નથી લીધી...’ શાંતિથી એ બોલી ને બીજી તરફ જોવા લાગી.

‘શું થયું છે, જયશ્રી ? તમે બન્ને ઝઘડ્યાં છો ?’

એણે ડોકું ધુણાવ્યું. ‘તો પછી ? તું... તું... આમ ચૂપ ન બેસ... મને જણાવ.... એવું કંઈપણ હશે તો હું એની ધૂળ ખંખેરી નાંખીશ.’

‘એવું કશું નથી, ઉત્પલ ! તું ઉશ્કેરાઈ ન જા.... એણે તને કંઈ કહ્યું હશે ને ?’

‘અરે... મને કંઈ કહ્યું હોય તો હું તને પૂછું શું કામ ? ઉલટું એ તો....’ દસ લાખની વાત જયશ્રીને કહું ? ના.... હું અટકી ગયો.

એણે મારી સામે જોયું, ‘ઉલટું... શું ?’

‘કંઈ નહીં.... ઉલટાનો એ મને ગૂંચવી ગયો... મેરેજની તૈયારી મારે.....’

‘ના.... ના.... મેરેજ તો હાલમાં... નહીં જ !’

‘એ જ તો મને સમજાતું નથી !’

એણે કશો જવાબ વાળ્યો નહીં ને ઑફિસે જવા નીકળી ગઈ. દુ:ખી કે નારાજ તો એ મને લાગી નહીં. એની મમ્મી તો બસ, મારી પાસેથી એ જાણવા ઉત્સુક લાગી કે પિયૂષે મને શું કહ્યું હતું ?... પિયૂષે

*સંભવથી સપના સુધીનો સંગ એક જ સંધાયો છે, ધરતીથી તારા સુધીનો પંથ એક જે લંબાયો છે,*
*એના બે છેડાની વચ્ચે, હજારો પહેરાની વચ્ચે,*
*ક્યાંક આપણે પણ હોઈશું, ક્યાંક આપણે પણ છીએ ને ?*

શું કહ્યું હતું મને? કશું જ નહીં. એક મોટી રકમ સંભાળવા એણે મને આપી હતી. એટલું જ.... પણ એ વાત મા-દીકરીને કહેવાની જરૂર મને લાગી નહીં. એ પિયૂષની અમાનત હતી - મારા વિશ્વાસે સોંપી હતી. બસ, એટલું જ.

દિવસો સુધી પિયૂષનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો. એનો મોબાઈલ લાગતો નહોતો. એનો નંબર જ કેન્સલ થયો હતો. એના ઑફિસ બિલ્ડીંગમાં તપાસ કરી પણ એની ઑફિસ આપી મુંબઈ શિફ્ટ થઈ ગઈ હતી ને તેનું એડ્રેસ કોઈને ખબર નહોતું. જયશ્રીને સતત પૂછતો રહ્યો પણ એની પાસે પણ કોઈ માહિતી નહોતી. જયશ્રી જરૂર કંઈ છુપાવતી હતી... પણ શું? આ દુનિયામાં કોણ હતું મારું? મા તો છેક નાનપણમાં જ ગુજરી થઈ હતી. દૂરના કાકાએ મને સંભાળ્યો હતો ને મરતી વખતે માનાં ઘરેણાં આપી ગયા હતા. મિત્ર હતો તે આમ ગુમ થઈ ગયો અને જયશ્રી...?

દોઢેક મહિના પછી જયશ્રીનો ફોન આવ્યો : 'ઉત્પલ...' ગદગદ અવાજે તેણે કહ્યું, 'મમ્મીને હોસ્પિટલમાં દાખલ કરી છે.... તું આવે છે?'

આવે છે... એટલે? બધું છોડીને એની પાસે દોડી જવાનું જ હોય ને? જયશ્રીને પણ એની મમ્મી સિવાય કોણ હતું બીજું? પેલો તો...

મને જોતાં જ દોડીને એ મને વળગી પડી.

'ઉત્પલ.... મમ્મીને કેન્સર છે... આંતરડાનું!'

એને શાંત કરતાં ખાસ્સી વાર લાગી. હૉસ્પિટલમાં એવાં દ્રશ્યો તો સામાન્ય ગણાય. કોઈને કુતૂહલ થાય નહીં. ઉલટાની સહાનુભૂતિ મળે! પાસે બેસાડી બધું પૂછી લીધું. ઠપકો પણ આપ્યો કે કેમ વાત ન કરી. ડૉક્ટરને મળીને જાણવા જેવું બધું જાણી લીધું. નાનાં આંતરડામાં કેન્સર હતું. તાત્કાલિક સર્જરીની જરૂર હતી. એ પછી પણ કેમોથેરપી-રેડિયેશનની જરૂર પડી શકે. હૉસ્પિટલમાં પંદરેક દિવસ રાખવા પડે. સૌથી મહત્વની વાત ખર્ચાની હતી. કુલ પાંચેક લાખ કે કદાચ વધારે પણ થાય.

ત્યાં જ બધા સવાલ અટકી જતા હતા.

મમ્મીનો મેડિક્લેઈમ તો હતો નહીં. જયશ્રીની કે મારી બચત મળી કદાચ સાંઠેક હજાર થાય. ઑફિસમાંથી લોન લઉં તો બીજા લાખેક મળે. બાનાં ઘરેણાં કાઢી નાખું તો કદાચ બીજા પચાસ-સાઠ હજાર.... જયશ્રી એની ઑફિસમાંથી લોન લે, તેની ખિલાફ હું હતો. એ મારી મદદ લેવા તૈયાર નહોતી. એની મમ્મીને તો ઑપરેશન જ કરાવવું નહોતું. એ અમને બન્નેને માન્ય નહોતું. હું મનમાં બળાપો કરતો હતો કે આખરે આ બધી જવાબદારી તો પેલા ભાગેડુની જ હતી ને? પણ ક્યાં હતો એ? હા, એણે સોંપેલા દસ લાખ જરૂર હતા મારી પાસે! પણ એ તો એની જ અમાનત હતી! હું - અમે કેવી રીતે વાપરીએ એને? જયશ્રી તો એ જાણતી પણ નહોતી. પણ... એક રીતે તો જયશ્રી પણ પિયૂષની જ અમાનત હતી ને? એની મુશ્કેલીમાં પિયૂષના પૈસા વપરાય, એમાં ખોટું શું હતું? હું ક્યાં મારે માટે એ વાપરવાનો હતો? એ દગાખોર હતો - હું નહીં! જો કે તકલીફ એટલી જ હતી કે જયશ્રી પ્રત્યે મારી જે ફરજ હતી, તેનો છેદ એ રીતે ઊડી જતો હતો! મારું અભિમાન ઘવાતું હતું. આખરે મેં ડૉક્ટરને બેધડક ઑપરેશનની તૈયારી કરવાનું કહી દીધું અને લૉકરમાંથી જોઈતી રકમ ઉપાડી લાવ્યો.

ઑપરેશનના પૈસા ભરાઈ ગયા છે, જાણી જયશ્રી ચોંકી. સ્વાભાવિક રીતે એ મને સવાલો પૂછે. જવાબો મેં તૈયાર રાખ્યા હતા. પણ તેને સંતોષ થવાનો નહોતો. એને માટે બીજો વિકલ્પ પણ નહોતો. મમ્મીનું ઑપરેશન અનિવાર્ય હતું. એને કંઈ મરવા ન દેવાય, હું તો એ માટે જાતે વેચાઈ જવા પણ તૈયાર હતો. ઑપરેશન થિયેટરમાં જતાં પહેલાં મમ્મીએ મારો હાથ પકડી લીધો :

'ઉત્પલ... બેટા... હું જીવું કે મરું... મને વચન આપ કે તું જયશ્રી સાથે પરણશે.'

'મમ્મી, ફિકર ન કરો. તમને કશું થવાનું નથી. ને પેલા ગધેડાને તો હું ગમે ત્યાંથી શોધી લાવીશ ને...'

'બેટા.... તું ખોટી આશા રાખી રહ્યો છે... એ આવવાનો નથી....'

'નહીં કેમ આવે? એને તો હું પાતાળમાંથી પણ....'

**(અનુસંધાન પાના નં. ૧૮ ઉપર)**

*લાખ વરસની રાખ નીચે જે તગતગતા અંગાર હોય છે, પોતે મુક્તિ પોતાની પોતામાં કારાગાર હોય છે,*
*ચહેરા પર ચહેરાની વચ્ચે, સમંદર ને સહેરાની વચ્ચે, ક્યાંક આપણે પણ હોઈશું, ક્યાંક આપણે પણ છીએ ને?*
*- સોનલ પરીખ*

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### રક્તદાન મહાદાન

નિમીત સતીષ નાગડા ઉ.વ.૧૯ (પરજાઉ-તીરપુર)એ પ્રથમવાર રક્તદાન કરી હંસરાજ વેરશી નાગડા પરિવારના ગૌરવમાં વૃદ્ધિ કરી છે. નિમીતના પિતાજી સતીષ હંસરાજ નાગડાને ૨૦૧૬માં તામિલનાડુ ગવર્નરના હસ્તે તિરપુરમાંથી વધુમાં વધુ વખત રક્તદાન કરવા બદલ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન એકમ - ગાંધીધામ : ક્ષમાપના સ્નેહમિલન અને સરસ્વતી સન્માન કાર્યક્રમ

કચ્છ એકમ દ્વારા ૦૩-૦૯-૨૦૧૭ના કચ્છમાં વસતા આપણા સર્વે જ્ઞાતિજનો માટે ક્ષમાપના સ્નેહમિલન અને જ્ઞાતિના ઉભરતા તારલાઓને પ્રોત્સાહિત કરવા સરસ્વતી સન્માન કાર્યક્રમ (બૃહદ ગાંધીધામ વિસ્તાર સિવાય) નું આયોજન શ્રી ક.દ.ઓ. જૈન નલીયા મહાજનશ્રીના આતિથ્યમાં નલીયા મુકામે યોજેલ છે. જેમાં સમસ્ત કચ્છમાં વસતા સર્વે જ્ઞાતિજનોને સહકુટુંબ પધારવા આમંત્રણ.

**સમૂહલગ્નનું આયોજન :** કચ્છ એકમ પ્રેરિત અને સમૂહલગ્ન ટ્રસ્ટ આયોજીત જ્ઞાતિના સમૂહલગ્નનું આયોજન આગામી ૨૭/૨૮-૦૧-૨૦૧૮ શની - રવિવાર ના કચ્છમાં કરવામાં આવેલ છે જેમાં જોડાવવા ઇચ્છુક યુગલોના વડીલોએ ૨૫-૧૧-૨૦૧૭ સુધી કચ્છ એકમના કારોબારી કમીટીના કોઈ પણ સભ્યશ્રી અથવા કચ્છ એકમ કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

### ''સાંયરાનું તળાવ ઓગનાયું''

સાંયરા ગામનું મુખ્ય તળાવ ભલીયારો ઓગનાઈ જના ગામના તિલાટ શ્રી જાડેજા ભગુભા પ્રવિણસિંહે વધાવેલ. શાસ્ત્રોક્ત વિધિ શ્રી લક્ષ્મીચંદ ગોર કરેલ. ત્યારે જાડેજા મુરૂભાબાપુ જયેન્દ્ર સિંહ, વી વનરાજ સિંહ, કેસુભા, મયુર સિંહ, જયેન્દ્ર સિંહ બી, મંધરા હાસમભા કુંભાર, સિધીકભા આમછભા, પ્રેમચંદ મોમાયા, વગેરે હાજર હતા.

### મહાકાળી માતાજીની ભાવના

સાંયરા ખાતે ૧૪ ૬-૮-૨૦૧૭ના શ્રી જગદીશચંદ ભાનુચંદ નાગડા (ગોરજ) ગામ જખૌવાલા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં રતીલાલભાઈ તથા કસ્તુરીબાઈ તથા મહેન્દ્રભાઈ સારી રમઝટ બજાવેલ.

### હુબલી ખાતે શાંતિલાલ લાલકાના હસ્તે ધ્વજારોહણ



શ્રી ભગવતી મહાકાળી મંડળના સ્થાપક તથા હુબલી મહાજનશ્રીના ટ્રસ્ટી શ્રી શાંતિલાલભાઈ રામજી લાલકાને શ્રી ક.દ.ઓ. જૈન ઇંગ્લીંશ મિડીયમ શાળાના ૧૫ ની ઑગસ્ટ ઉજવવામાં મુખ્ય અતિથી તરીકે ધ્વજવંદન કરેલ. શાળાના પ્રિન્સીપલ શ્રી ઊષારાનીએ પરિચય આપી. શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી મોમેન્ટોની ભેટ આપી હતી.

આ પ્રસંગે જ્ઞાતિના શાળા કમિટીના મેમ્બર શ્રી વીરેન્દ્રભાઈ છેડા, શ્રી પુનમભાઈ ધરમશી, શ્રી ભરતભાઈ ધરમશી તથા હુબલી મહાજનના ટ્રસ્ટી શ્રી હિરેનભાઈ છેડા હાજર હતા. શાંતિલાલભાઈએ પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે હુ પણ આજ શાળાના ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી અને મારા બાળકો પણ આજ શાળામાં ભણ્યા છે. તેમણે શાળા કમિટીનો આભાર માન્યો હતા.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા અન્યથા જાહેરાત આપવી : વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી તેમ છતાં જાહેરાતના માધ્યમ દ્વારા આવી વિગતવાર માહિતી આપી શકાશે.**


|| શ્રી મોમાઈ માતાય નમઃ ||

ગામ કચ્છ લાલામાં બિરાજમાન **શ્રી મોમાઈ માં** ને નમતા સર્વે ભાવિકોને જણાવવાનું કે કારતક સુદ પુનમ **તા. ૪-૧૧-૨૦૧૭ને શનિવારના** સંયુક્ત પહેડી રાખેલ છે. **સર્વે ભાવિકોને તથા નિયાણી બહેનોને ખાસ આમંત્રણ છે. તો સર્વેને માતાજીની પહેડી માં પધારવા વિનંતી.**

### કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ અમદાવાદ

૨-૮-૨૦૧૭ના રોજ મહિલા મંચનો બીજો કાર્યક્રમ રાખવામાં આવેલ. રાખડી હરિફાઈ તથા મીઠાઈ હરિફાઈ સાથે રેનબો ડ્રેસ કોડ થીમ રાખવામાં આવેલ. બધીજ હરિફાઈના ઈનામના દાતા શ્રીમતિ દમયંતિબેન દંડ (હ. અવંતી દંડ) હતા. મહિલા મંચ એમનો આભાર માને છે. રાખડી માટે ૪૫ મિનિટ આપવામાં આવેલ એમા વિજેતા : ૧) જીજ્ઞા છેડા ૨) હિરલ દંડ ૩) યોગિની પોલડિયા. મીઠાઈ ઘરે થી બનાવી લાવવાની હતી એમાં વિજેતા : ૧) ઝલક મહેશ્વરી ૨) ભુમિકા છેડા ૩) જયશ્રી ભારાણી. રેનબો ડ્રેસ કોડ માટે વિજેતા : ૧) અપેક્ષા લોડાયા ૨) દિપા લોડાયા ૩) ગુણવંતીબેન દંડ

ત્યારબાદ મીરા ધરમશી અને નિહારીકા છેડાએ રેનબો હાઉસી રમાડી. ખૂબજ સારી સંખ્યામાં હાજરી રહી હતી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન મીરા ધરમશીએ કરેલ તથા બધા કમીટી મેમ્બર્સએ મહેનત કરેલ. આગામી કાર્યક્રમ સપ્ટેમ્બરમાં જાત્રા નક્કી કરેલ છે.

---

### જળ પ્રલય

ફરી આવ્યો જુલાઈ માસ બનીને કાળ,
વરૂણ દેવે પુનઃ ધર્યો સ્વરૂપ વિકરાળ.
બન્યો હવે શિકાર તેનો બનાસકાંઠા વિસ્તાર,
જ્યાં જુઓ ત્યાં બસ.... જળ બંબાકાર....
તણાયા પશુ-પક્ષી, બની પરવશ ને લાચાર,
બેઘર બન્યા લુટાવીને સઘળું, કેટલાંય પરિવાર.
કોપ કુદરતનો નીરખી, ચુક્યું હૃદય ધબકાર,
હંફાવવા જળ હોનારતને, લંબાયા હાથ હજાર....
લઈ ભેખ સેવાનો, નિકળ્યા છોડી ઘરબાર,
બન્યા નિરાધારના આધાર લુછ્યા આંસુ ચોધાર.
વિફરે આભ ક્યારેક, વિફરે ક્યારેક ધરા કે જળ ભંડાર,
થતો જ રહે આમ નિર્દોષ જીવો તણો સંહાર....!!

– જ્ઞાનેશ જયચંદ લાપસીયા, મુલુંડ

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

કિડની, લીવર, સ્કિન, થાઈરોડ તથા અન્ય રોગ માટે હોમિયોપેથિક કેમ્પ શનિવાર તા. ૦૨-૦૯-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૦૩-૦૯-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

હાડકાનો હોમિયોપેથિક કેમ્પ રવિવાર, તા. ૦૩-૦૯-૨૦૧૭ના બપોરના ૧.૩૦ વાગ્યાથી ૩ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.




## પાસ થયા અભિનંદન



**નિશ્ચય ચેતન શાહ** - થાણા
B.E. (Comp. Sc.)
**8.63 CGPA**



**સૃષ્ટિ વિરેન શાહ (પોલડિયા)**
દુબઈ - ડુમરા
H.S.C. **- 95.60%**



**વરૂણ અતુલ શાહ (લોડાયા)**
વડાલા (મોટી સિંધોડી)
H.S.C. **- 88.92%**



**કર્ણ પંકજકુમાર શાહ**
પરજાઉ
H.S.C. **- 87.10%**

| નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) | |
|---|---|
| **ગૌરવ ખુશાલ મોમાયા** (PS 7323) | વૉર્ડ નં. એ-૮૧, ન્યુ આદીનાથ સોસાયટી, ૯-બી, ભારત નગર, ગાંધીધામ - ૩૭૦ ૨૦૧. કચ્છ. |
| **શ્રીમતી નવલબાઈ પદમશી મુનવર** (PS 7321) | વાછરા ફલિયા, કોઠારા - ૩૭૦ ૬૪૫. કચ્છ. |
| **સુશીલ નવીનચંદ્ર શાહ (સોની)** (PS 4712) | સી-૯૦૬, વેનેઝીયા કો.હા.સો., સર્વે નં. ૪૫/૧, મુંબઈ-બેંગલોર હાઈવે, ઑડી શોરૂમ સામે, બનેર, પુણે - ૪૧૧ ૦૪૫. મો.: ૦૭૦૮૩૬ ૪૫૯૩૫ |
| **દેવેન્દ્ર રતીલાલ મોમાયા** (PS 3893) | સી-૧૦૩, ભગવતી કૃપા કો.હા.સો., રાજાજી પથ, મઢવી બંગલો પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૦૯૮૧૯૩ ૨૨૦૩૦ |
| **રૂષભ દિનેશ લોડાયા** (PS 5718) | ઈ-૮૦૩, ૮મે માળે, બ્રિગેડ ગાર્ડનીયા, આરબીઆઈ લેઆઉટ, જે. પી. નગર, ૭મો ફેઝ, બેંગલોર - ૫૬૦ ૦૭૮. |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૧૩-૦૭-૧૭ | ગાંધીધામ | ગૂંજ, નેહલ વિરાજ વિરચંદ મૈશેરી | સાંધાણ | પુત્રી |
| ૦૩-૦૮-૧૭ | ગાંધીધામ | યશવી, પંક્તિ વિશાલ લોડાયા | નલીયા | પુત્રી |
| ૦૫-૦૮-૧૭ | સ્વીડન | ધીયા, ઉર્મિ નિમેષ ખુશાલચંદ સોની (ભાટે) | જખૌ | પુત્રી |
| | | **સગપણ** | | |
| ૧૨-૦૮-૧૭ | અમદાવાદ | રૂષભ ગીરીશ લક્ષ્મીચંદ દંડ | લાલા | ૨૬ |
| | જલગામ | કૃપા છત્રસેન લક્ષ્મીચંદ લાપસીયા | સુથરી | ૨૨ |
| ૧૭-૦૮-૧૭ | નાસિક | ગૌરવ ખુશાલ મુલજી મૈશેરી | લાલા | ૨૬ |
| | આદીપુર | ફોરમ નિલેશ લક્ષ્મીચંદ ધરમશી | જસાપુર | ૨૩ |
| | | **આંતરજ્ઞાતીય સગપણ** | | |
| ૧૪-૦૮-૧૭ | ચેન્નાઈ | અમિતકુમાર વિજય ભવાનજી ગોશર | બારોઈ | ૩૨ |
| | લોનાવલા | પુષ્પા માયા કિશન | લોનાવલા | ૨૪ |
| ૧૫-૦૮-૧૭ | બીલીમોરા | શિવાંગ સુરેશચંદ્ર પટેલ | બીલીમોરા | ૩૫ |
| | વિદ્યાવિહાર | નિરલ ભરત હીરાચંદ ડાઘા | વરાડીયા | ૩૪ |
| | | **આંતરજ્ઞાતીય લગ્ન** | | |
| ૦૫-૦૬-૧૭ | અબુધાબી | અદિત્ય નરેશ મણીલાલ ધુલ્લા | સુથરી | ૨૯ |
| | અબુધાબી | રાશી શરદચંદ્ર ગુપ્તા | દહેરાદૂન | ૨૭ |
| | | **લગ્ન છૂટા થયા** | | |
| ૨૦-૦૭-૧૭ | મુલુંડ | રાજન ખુશાલ દામજી દેવજી લાપસીયા | કોઠારા | ૪૨ |
| | મુલુંડ | હેમીલા શાંતિલાલ ગોવિંદજી લાલકા | લાલા | ૩૨ |
| | | **મરણ** | | |
| ૧૭-૦૮-૧૭ | મસ્જીદ બંદર | તારાબાઈ પાસુભાઈ નાગડા | રંગપુર | ૮૩ |

## કોની એ અમાનત ? (અનુસંધાન પાના નં. ૧૪ થી ચાલુ)

માથું ઢાળી બેઠેલી જયશ્રી તરફ જોઈ એની મમ્મી બોલી, 'એ તને કંઈ કહી નથી ગયો પણ જયશ્રીને તો કહી જ ગયો હતો! તમે બન્ને એકબીજાને ચાહતાં હો.. એ જાણ્યા પછી એ થોડો તમારી વચ્ચે આવવાનો હતો? એને ખાતરી હતી કે તું કદી જયશ્રી સાથે લગ્ન કરવા તૈયાર નહીં થાય... એટલે એણે...'

પળ એકમાં જ મારા હૃદયમાં હાહાકાર મચી ગયો. હું ફરી એકવાર પિયૂષથી હારી ગયો હતો.

મમ્મીએ જયશ્રીનો હાથ મારા હાથમાં મૂકતાં કહ્યું : 'બેટા! તું મારી દીકરીને નહીં સ્વીકારે તો મને મરતી વખતે પણ શાંતિ નહીં મળે!'

સાચું કહું તો હવે જયશ્રીને ફરી ગુમાવવાનું સાહસ મારામાં બચ્યું નહોતું. ઘૂંટડો જેમ તેમ ગળતા મેં કહ્યું: 'ચિંતા ન કરો, મમ્મી! હું પેલા જેવો દગાખોર નથી!'

पधारो... पधारो... पधारो...

# શ્રી સુથરી મહાતીર્થ

## શ્રી ઘૃતકલ્લોલદાદાની છત્રછાયામાં જૈન મંદિરની બાજુમાં તમારું પોતાનું ઘર વસાવો...

**શ્રીમાન શેઠ શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી પરિવારે સુથરી વાસીઓ માટે બંધાયેલ સેલ્ફ કન્ટેઈન્ડ ફ્લેટ્સ હવા ઉજાસવાળા એરીયામાં...**

સુથરીવાસીઓ માટે ખુશ ખબર...

**“માતૃભૂમિમાં પોતાનું ઘર”**

**સોનથરી – નવું નઝરાણું**

# “હેપ્પી હોમ”

ગ્રાઉન્ડ ફ્લોર / પહેલાં-બીજા માળાનું આયોજન તૈયાર





ટોટલ ૧૪ બ્લોક

હોલ કીચન - ૬ બ્લોક

1 BHK - ૫ બ્લોક

2 BHK - ૧ બ્લોક

3 BHK - ૨ બ્લોક

તૈયાર કબજો

વહેલા તે પહેલા ધોરણે બુકીંગ...

બુકીંગ પછી સોસાયટી બનાવી ઓનરશીપના ધોરણે તરત જ કબ્જો

રૂબરૂ મળો

હીનેશ લોડાયા - 9987040621 કીર્તિ લોડાયા - 9833152695

લહેરચંદ ધરમશી - 9712476359

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (21-08-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રદ્ધા સુમન



સ્વ. ઉપેન્દ્ર કાંતિલાલ ખીમજી ગોસર
બારોઈ - દાદર
જન્મ : તા. ૩૦-૯-૧૯૬૧
અરિહંત શરણ : તા. ૨૩-૭-૨૦૧૭

ધર્મમાં, ક્રિયા અને ભાવ, બન્નેનો સમન્વય કરી શ્રેષ્ઠ જીવન જીવ્યા. આખા પરિવારને નિશ્ચય અને વ્યવહારનો રસ્તો બતાવી ગયા. એવા તમે, અમારા હૈયામાં સદાય વસશો. ભવાંતરમાં અમારા ગુરૂ અથવા કલ્યાણ મિત્ર થઈ મળશો. એ શ્રદ્ધા સહ....

### ઋણ સ્વિકાર

પ.ગુરૂ ભગવંતના સાંત્વન સંદેશ તથા અમારા પરિવાર પર પડેલ આ વજ્રઘાતની પળમાં અમારી સાથે અડીખમ ઉભા રહેલ જ્ઞાતિજનો, ગામવાસીઓ, વિવિધ સંસ્થા/ટ્રસ્ટ/મહાજનના પદાધિકારીઓ તથા સર્વે આત્મિયજનોના અમો સદાય ઋણી છીએ.

માતુશ્રી મણીબાઈ કાંતીલાલ ગોસર
માતુશ્રી કલ્પના રમણકાંત ચાંપસી લોડાયા
શ્રીમતી જયશ્રી-રૂષભ-ત્રીશલા ઉપેન્દ્ર ગોસર
શ્રી માણેકજી ખીમજી ગોસર
રાજેન્દ્ર-લક્ષ્મી શ્વેતા, લલીત-દીપા-વામા-જીનાલી
માધુરી-જેસલ-દિવતી મૈશેરી, રાજેશ-રૂપા-પરમ-રોહન લોડાયા
દેવલ-રીતેશ-આહના-અનન્યા ધનાણી

## ACHIEVED AN ENCORE



Done Bachelors Degree in **Chemical Engineering** from **Indore Institute of Science and Technology**, Indore.

Joined **Aarti Industries Ltd.**, Pithampur.



**Saumya Shah**
D.O.B.:
3rd February, 1995

### Heartiest Congratulations from :

Mummy-Papa : **Smita Sudhir Lodaya,** Indore
Dada-Dadi : **Smt. Navalben Pasoobhai Lodaya,** Indore
Nana-Nani : **Smt. Pushpa Motichand Shial,** Raipur
Bade Mummy Papa : **Usha Ramesh Lodaya,** Indore

## Hearty Congratulations

### મોતા અને ખોના પરિવારનું ગૌરવ



**ચિ. શ્રદ્ધા જીતેન્દ્ર મોતા**
D.O.B. : 24-2-1990 (ઘાટકોપર)
B. Sc. (Home Science) B.Ed.
Working : School Teacher





**ચિ. આકાંક્ષા જીતેન્દ્ર મોતા**
D.O.B. : 10-6-1991 (ઘાટકોપર)
B.E. (Com), M.B.A.
(Banking & Finance)
Working : Corporate Co.

: શુભ -આશિષ :

માતા-પિતા : **ડિના જીતેન્દ્ર માણેકજી મોતા** (ઘાટકોપર)
દાદી-દાદા : **તિલકસુંદરી માણેકજી જેઠાલાલ મોતા** (ઘાટકોપર - કોઠારા)
નાની-નાના : **ધનલક્ષ્મી ડુંગરશી કુંવરજી ખોના** (ડોંબિવલી - જખૌ)

Matrimonial Inquiry Welcome : Ph.: 022 - 2509 0909 (મોતા) / 0251 - 2485 626 (ખોના)
Mob.: 99677 88788 • E-mail : jitendra.mota@gmail.com

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,